|| હરિઃૐ ||

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 3 • Issue : 3 • 5th November, 2020 • Price : Rs. 10
Annual Subscription Rs. 60

આપ સૌને
દિપાવલીની
શુભકામના તેમજ
નૂતન
વર્ષાભિનંદન





# સદ્‌ગુરુનું સહજ સ્વરૂપ

(અનુષ્ટુપ)

પરંપરા વિચારોની **એને** કદી ન હોય છે,
તર્ક પરંપરાથી તો **એને** સ્ફુરતું કૈં ન તે. ૧

આપમેળે ઊગે **એને એનું** સહજ ધોરણ,
તે ક્યારે, કેમ, શું વર્તે ? ના કે'વાય કદી પણ. ૨

સ્વાભાવિકપણે ભૂખ માનવીને શું જાગતી !
આંતરપ્રક્રિયા દ્વારા લાગતી તે સ્વભાવથી,
તેવું સહજતાનું છે, આપોઆપ સ્વભાવથી,
-આત્માનો તે સ્વભાવે શો, પ્રત્યક્ષ ગુણધર્મ છે ! ૩-૪

શ્વાસોશ્વાસ શું ચાલે છે, આપોઆપ સ્વભાવથી
-તેમ સહજતાનું છે ધોરણ, સ્વ-સ્વભાવથી. ૫

હવાનું જેવું અસ્તિત્વ આપોઆપ જ હોય છે,
તેમ સહજતા જાણો આત્માનો તે સ્વભાવ છે. ૬

પ્રસરાયેલ આકાશ સહજતાનું તેમ છે,
ગતિ આત્માની છે જેમ સહજતાનું તેમ છે. ૭

વિચાર્યા વિણ ત્યાં કર્મ એની મેળે થયા કરે,
અનુભવ થયા વિના તે કૈં ના સમજાય છે. ૮

કોઈ પ્રસંગમાં **તેવો** વર્તશે કેમ, માત્ર શું
-કરી શકે અનુમાન ? જે કો **એને** પિછાણતો,
કિંતુ નિઃસ્પૃહી સંપૂર્ણ શો શ્રીસદ્‌ગુરુ નિત્ય છે !
અભિપ્રાયથી હાલી **તે** ઊઠે એવો કદી ન **તે**. ૯-૧૦

ભૂમિકા અંતરે **એની** સાવ નિરિચ્છ રીતની,
પોતે નિષ્કામ સંપૂર્ણ, છતાં શી કામના વળી ? ૧૧

**એની** સરળતા સ્પષ્ટ તદ્દન શિશુના સમી,
કૂંડાળાં સાવ દંભીનાં ભેદ્યાં ભેદાય ના કદી. ૧૨

પોતાનું એકલાનું તે જે તે કૈં પલટાવવા
-શો શ્રીસદ્‌ગુરુ સંપૂર્ણ શક્તિથી બળવાન ત્યા !
કિંતુ જેમ થતું હોય સ્વાભાવિક રીતે બધું
-તેમ તેવું થવા દે છે, નિઃસ્પૃહી રહી સર્વ શું. ૧૩-૧૪

અશક્ય સાવ મુશ્કેલ સંજોગો, વિઘ્ન, પ્રશ્નથી
-આરપાર જતો દીઠો **એને** સોંસરવો નર્યો,
**એને** જે કરવાનું છે, રોકવા તેથી કોઈયે
-સમર્થ કોઈ રીતે ના, એવો શ્રેષ્ઠ સમર્થ **તે**. ૧૫-૧૬

અફળાતો કુટાતો ના, અથડાતો ન ક્યાંય **તે**,
ગૂંચાવાનું કંઈ વિશે કદીયે જાણતો ન છે,
જવાનું સોંસરું પાર જેમાં તેમાંથી જાણતો,
**એને** ના સરખાવાતો એવો એકલપંથી શો ! ૧૭-૧૮

પડે જરૂર **એને** જ્યાં જેની જીવન જે પળે,
આપમેળે ઊગે **એને** ઓચિંતુ ફૂટી નીકળે,
ગોતવા, પૂછવા **એને** ક્યાંયે જવું પડે ન છે,
સમાયેલું બધું જે તે **એનામાં** ગૂઢ હોય છે. ૧૯-૨૦

પોતે પોતાની જેવી છે, પ્રકૃતિ ને સ્વભાવ તે,
તે તે તે જ પ્રમાણેનું છે વર્તવાનું નિશ્ચયે,
આત્મવિશ્વાસ એવો તે સદ્‌ગુરુને વસેલ છે,
તેથી નિશ્ચિંત સૌ વાતે, નિશ્ચયાત્મક **એહ** છે. ૨૧-૨૨

જેમાં તેમાં બધાંનામાં સંપૂર્ણ ભળતો છતાં,
તાદાત્મ્ય ભાવ **એવાનો** કેવો એકાત્મ રૂપમાં !
પોતે સામા સમો જાણે એકરસે થયેલ છે,
છતાં તટસ્થ સંપૂર્ણ **તે** પાછો સાક્ષી પૂર્ણ છે. ૨૩-૨૪

'શક્તિથી સઘળું કામ **એવાનું** થતું હોય છે',
કૈંક એવા પ્રયોગોથી **એને** અનુભવાય તે,
કર્તાહર્તા **હરિ** માત્ર, પોતે માધ્યમ **એનું** છે,
અનુભવોથી તે **એને** ટકોરાબંધ જ્ઞાન છે. ૨૫-૨૬

**એને** ના ગડભાંજો છે, **એને** ઉત્પાત કૈં ન છે,
જેમાં તેમાં જ સંપૂર્ણ **એને** નિરાંત હોય છે,
જેવો દેખાય તે પાછો તેવો કદી ન હોય છે,
છે પ્રમાણિકતા પૂરી, **એનામાં** દંભ કૈં ન છે. ૨૭-૨૮

(અનુસંધાન મુખપૃષ્ઠ ૦૩ પર)

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિઃૐ ગુંજન

**'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)**

વર્ષ-૩, અંક-૩ નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૦

## આજને જ સંભાળો

આથી, કંઈ ભૂતકાળમાં થઈ ગયેલા પ્રસંગોને સંભારી સંભારી તેમાંથી ઊપજતાં લાગણી અને વિચારોના તાંતણાને લંબાવા દેવાના નથી. તેવી રીતે 'ભવિષ્યમાં આમ કરીશ કે આમ થશે', એવા વિચારો સેવવાના નથી. 'મરણ પછી શું ?' 'કેમ જગત ઉદ્‌ભવ્યું ?' 'જગતમાં દુઃખો શાને ?' વગેરે પ્રશ્નોની હારમાળામાં ગૂંચવાઈ જવાનું નથી. એ બધા પ્રશ્નોનો ઉકેલ આપણી બુદ્ધિ કદી કરી શકવાની નથી. આપણી હાલની બુદ્ધિમાં તેવી શક્યતા પણ નથી અને શક્તિ પણ નથી. અને આપણે જ્યારે સંપૂર્ણ ચેતનના આવિર્ભાવમાં પ્રગટેલાં હોઈશું, ત્યારે પ્રશ્નો ઊઠવાના પણ નથી. ત્યારે તો જેમ હોઈશું તેમ હોઈશું. 'જગત કેમ ઉદ્‌ભવ્યું ?' 'કેવી રીતે ઉદ્‌ભવ્યું ?' 'મરણ પછી શું ?' 'જગતમાં દુઃખો શાને ?' એવા પ્રશ્નોની સાથે બિલકુલ નિસબત ધરાવવાની નથી, પરંતુ આપણે કેવા થવાનું છે, અને કેવું બનવું છે, અને કેવી રીતે થવું છે તે જ આપણું મુખ્ય મહત્ત્વનું કર્તવ્ય છે. આપણા લક્ષને કદી પણ આડફંટે ફેંકાવા ના દો.

### આજનું મહત્ત્વ

Let us live in the present. આજને આપણે સંભાળવાની છે. આજને જેણે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક જીવનવિકાસના ધ્યેયના જ્ઞાનભાનથી સંપૂર્ણ યોગ્યતાથી જીવી જાણી, તેનું ભવિષ્ય પણ તેટલું જ ઉજ્જ્વળ છે. આજમાં ભૂત પણ છે અને ભવિષ્ય પણ છે. આજમાં પ્રગટેલા ભૂતથી અને તેના વળાંકોથી મુક્ત થવાની કેળવણીને કાજે આજને જે સ્વીકારે છે અને તેવા પ્રેમભક્તિ-જ્ઞાનયુક્ત સ્વીકારથી કરીને તેને તેવા ભાવમાં પોતાનાં આચરણમાં જે પ્રવર્તાવે છે, તેનું ભવિષ્ય સદાય વર્તમાન છે. આજને જેણે બરાબર યોગ્ય રીતે જીવી જાણી, તે જ જીવી જાણવાનો છે. વર્તમાનમાં જીવનભાવે જાગ્રત રહીને યથા-યોગ્યતાથી જેનું જીવન વહ્યા જશે, તેને ભૂતકાળ કશો જણાવાનો નથી, અને ભવિષ્ય તો વર્તમાનમાં આપમેળે પ્રગટવાનું જ છે.

*('જીવન દર્શન' ૧૧મી આ., પૃ. ૪૫-૪૬)* — *પૂ. શ્રીમોટા*

• વેબસાઈટ-ઈ-મેઈલ •
www.hariomashram.in
hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**લવાજમ દર**

**છૂટક નકલ : રૂ. ૧૦/-**
**વાર્ષિક : રૂ. ૬૦/-**
**પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-**
**દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-**

**હરિઃૐ ગુંજન અંગે**

૧. ભેટની રકમ હરિઃૐ આશ્રમના નામે મનીઑર્ડરથી કે ચૅક / ડી.ડી. મારફતે આશ્રમના સરનામે મોકલવા વિનંતી.
(ઈન્કમટેક્ષ ઍક્ટની કલમ-૮૦-જી-(૫)ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.

૨. **પત્રવ્યવહારનું સરનામું :**
હરિઃૐ આશ્રમ,
પો.બો.નં. ૭૪, નડિયાદ,
પીન કોડ : ૩૮૭ ૦૦૧.
મો. ૭૮૭૮૦૪૬૨૮૮

**• પ્રકાશન સ્થળ •**
હરિઃૐ આશ્રમ,
શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા,
નડિયાદ-કપડવંજ રોડ,
નડિયાદ-૩૮૭ ૦૦૧

## હરિઃૐ ગુંજન

**નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૦**

**માનદ્તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ**

**સંકલન : ડૉ. ચંપકભાઈ ર. મોદી નડિયાદ.**

- **પમી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
- સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.


### સાધક-લેખકોને નિમંત્રણ

પૂ. શ્રીમોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃૐ ગુંજન' દ્વિમાસિક સામયિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે હરિઃૐ આશ્રમ, નડિયાદને મોકલી આપવું. અનુકૂળતાએ મુદ્રિત કરવામાં આવશે.

### ❁ લખાણ અંગે ❁

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતી યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.
- દ્વિમાસિક સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખ લેખકના પોતાના અંગત વિચારો છે.


**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨


# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | કર્મ-સાધના | પૂ. શ્રીમોટા | ૫ |
| ૨. | અંદરનું બધું જે ભરેલું હોય, તે ઊભરે | પૂ. શ્રીમોટા | ૭ |
| ૩. | કાર્યનો હેતુ જ મુખ્ય છે | પૂ. શ્રીમોટા | ૮ |
| ૪. | શ્રદ્ધાના પ્રકાર અને લક્ષણ | પૂ. શ્રીમોટા | ૯ |
| ૫. | અંધશ્રદ્ધા | પૂ. શ્રીમોટા | ૧૨ |
| ૬. | પ્રભુનાં પગલાં | પૂ. શ્રીમોટા | ૧૪ |
| ૭. | ગુરુને અંજલિ | પૂ. શ્રીમોટા | ૧૬ |
| ૮. | ભાવના અને કલ્પના | પૂ. શ્રીમોટા | ૧૭ |
| ૯. | બાની માંદગી | પૂ. શ્રીમોટા | ૧૮ |
| ૧૦. | જીવન સાર્થકતાનું પહેલું મોજું | એક સ્વજન | ૨૩ |
| ૧૧. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૫ |


### હરિઃૐ આશ્રમ, નડિયાદ

(૧) તા. ૧૪-૧૧-૨૦૨૦, શનિવારના રોજ **દિવાળી-ચોપડાપૂજન-શારદાપૂજન** તેમજ તા. ૧૬-૧૧-૨૦૨૦, સોમવારના રોજ **નૂતનવર્ષ (બેસતું વર્ષ)**ના દિવસે પૂ. શ્રીમોટાના સ્વજનો સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી દર્શન કરી શકશે.

**નોંધ :** સ્વજનોએ પોતાના ચોપડા પૂજન અર્થે અગાઉથી મોકલવાના રહેશે.

(૨) મૌનમંદિરમાં ૭, ૧૪ કે ૨૧ દિવસના અનુષ્ઠાન અર્થે દશેરાથી મૌનમંદિર શરૂ કરેલ છે. જે સ્વજનોને મૌનમંદિરમાં અનુષ્ઠાન અર્થે બેસવું હોય તેઓ પોતાના નામ નોંધાવી શકે છે.

- ટ્રસ્ટીમંડળ
હરિઃૐ આશ્રમ, નડિયાદ

હરિજન આશ્રમ, સાબરમતી
તા. ૧૭-૬-'૪૩

જે જે પરિસ્થિતિમાં આપણે મુકાઈએ તે તે સાધનાના વિકાસ અર્થે જ જો તે કર્યા કરવાની ખેવના હોય તો, થાય તો, તેમાંથી આપણને ઘણું ઘણું સૂઝવું જોઈશે જ. આપણી અનેક પ્રકારની ઊણપો એમાંથી આપણને દેખાશે જ. **ખેવના પણ જો સાધક તે પ્રત્યે બેપરવા-બેધ્યાન રહ્યા કરે ને તેમાં એને જરાકે મહત્ત્વ ન આપે કે તે સુધારવા પ્રત્યે ખંતવાળો ઉદ્યમશીલ ન રહ્યા કરે, જીવતો ન રહે, જાગૃતપણે યુદ્ધ આપ્યા ન કરતો હોય તો તે સાધક સાધનામાં ઊંડો પ્રવેશી શકવાનો નથી.** જેમાં જેમાં પરોવાવાપણું બને છે ત્યાં ત્યાંથી સાધકે શીખ્યા જ કરવાનું છે; જો તે શીખ્યા ન કરતો હોય તો તે કર્મ એક સામાન્ય માણસ ઘરેડની પેઠે કર્યા કરતો હોય ને આપણે તે કરતા હોઈએ એમાં પછી કશો ફરક ન રહ્યો. આપણી અનેક ભૂલો-દોષો એવાં છે કે જે કહેવાથી કે બતાવ્યાથી ન સુધરી શકે. તેથી એવા સંજોગોમાં આપણને મૂકવાનું પ્રભુ કરે છે કે જેથી સચોટપણે 'પોતાના સ્વભાવની પકડ ક્યાં ક્યાં રહ્યા કરે છે તથા કઈ કઈ ભૂલ-દોષથી કર્મમાં કુશળપણું પ્રવર્તી શકતું નથી તે તે બધું વારે વારે એની નજરે ચઢ્યા જ કરે છે, ને તોપણ સાધક ફરી ફરીને તેવું કર્યા કરે તો પરિસ્થિતિનો હેતુ માર્યો જાય છે. પરિસ્થિતિને સહન કરી લેવી ને એનો સ્વીકાર કરવો એ બેમાં આસમાન-જમીનનો ફરક છે. **સાધક પરિસ્થિતિને સહન કરી લે એમાં એના જીવનનો વિકાસ થતો નથી. એ તો જ્યારે એને હૃદયથી સ્વીકારે ત્યારે જ એની સાથે પોતાનું તાદાત્મ્ય સાધી હૃદયથી લાભ મેળવી શકે છે.** જ્યારે સહન કરી લેવામાં તો અંતર જ રહ્યા કરે છે ને તેથી પરિસ્થિતિનો હેતુ માર્યો જ જાય છે. **આમ સાધકે કર્મનો કહો કે પરિસ્થિતિનો જીવંત હેતુ શો છે તે સતત સામે રાખીને જ તેમાં પ્રવેશવાનું કે ઊતરવાનું છે.** તેથી નીચેના મુદ્દાઓ તેમાંથી સરતા હોવા જોઈએ :

**(૧) ભાવનાને કર્મમાં ઉતાર્યા કરવી ઘટે કે જેથી ભાવના વધારે ને વધારે જ્વલંત, પ્રાણવાન, ચેતનપ્રદ ધ્યેયની ઝંખનાવાળી સાકાર બનતી જાય.**

**(૨) કર્મ કરતી વખતે તેમાં બીજાનો ખ્યાલ ન રહેલો ઘટે. બીજું તો ત્યાં માત્ર નિમિત્ત હોય છે. પોતાને ઉથલાવવા પોતાને જ માટે જે તે કંઈ થયા કરે છે એવો અભ્યાસ કેળવાયાં કરવો ઘટે. કર્મમાત્ર જીવનના વિકાસ કાજે મળેલું છે. એ વિના કર્મનો કશો ઉદ્દેશ નથી.**

(૩) કર્મને કરતાં કરતાં જે જે આપણી ભૂલો જણાયા કરાય તે સુધારવા આપણો દૃઢ સંકલ્પ થવો ઘટે. ને ધીરે ધીરે એમાં એનું ઓછાથવાપણું બનવું જ ઘટે; તો જ એનો કંઈ અર્થ સરે.

(૪) તે તે કર્મ સ્વસ્થતાથી-ધાંધલિયાપણાથી નહિ ને તે પણ બને તેટલું તટસ્થતાથી-તેમાં ભેળવાયા વિના થયા કરે.

(૫) તે તે કર્મની પાછળ આપણી સાથે કોઈક ઊભું છે જ એવી અનુભવથી નિષ્ઠા સાધકની કેળવાતી જતી હોવી જોઈએ.

(૬) તે તે કર્મ થઈ ગયા કેડે એના વિચારો એને ઉદ્‌ભવવા ન ઘટે-અથવા સાધકને આવતા હોય તો એણે મનને સમજાવીને તેમ થતું હોવાનાં કારણો તપાસવાં ઘટે; વિચારો તેના આવ્યા કરવાનું મુખ્ય કારણ તો મન એમાં ભેળવાયેલું છે એમ સમજવાનું છે. સાધકનું મન ખાલી જ રહ્યા કરવું જોઈએ ને એનો એવો જીવતો ખ્યાલ-અભ્યાસ-એણે પાડતાં જ રહેવું પડશે.

(૭) તે તે કર્મના આદિ, મધ્ય ને અંતમાં સમર્પણની ભાવના જીવતી રહેવી ઘટે.

(૮) તે તે કર્મ થતી વખતે તેમાં તે આત્મકલ્યાણ

અર્થે જ થયા કરે છે (પ્રભુનું કામ છે એટલે આપણું રૂપાંતર થવા માટે છે) એવો ભાવ રહ્યા કરવો ઘટે. આ અઘરું લાગશે પણ તે ભાવના સાધકે રાખ્યા કરવી જ પડશે.

(૯) કર્મને કરતાં કરતાં જો આપણું રૂપાંતર થયા ના કરતું હોય તો પછી તે કર્મનો કંઈ ઝાઝો અર્થ સરતો નથી. એ સાધકે લક્ષમાં રાખવાનું છે. પ્રત્યેક કર્મમાંથી સાધકનું રૂપાંતર થવું જ ઘટે, સ્વભાવનું દર્શન થવા-એનું રૂપાંતર થવા-માટે તો કર્મ-પ્રસંગો-બનાવો વગેરે સાધકને સાંપડે છે. સાધક જો તે તે બધાથી લેવાઈ જાય તો તે કદાપિ પણ એની ઉપરવટ આવી શકવાનો જ નથી. એટલે એણે કર્મ કરતાં કરતાં અંતરની શક્તિને પ્રકટાવી પ્રકટાવીને પોતે સર્વ કંઈ કરી શકવા શક્તિમાન છે જ એવો નિશ્ચયનો સાક્ષાત્કાર કર્યા કરવો પડશે ને તેમ તેમ થતાં સાધકની શક્તિ બઢતી જવાની છે.

(૧૦) તે તે કર્મનાં ફળ કે પરિણામની તો આશા સાધક કદી પણ સેવે જ નહિ, એ વિષે તો એને વિચારવાપણું રહેતું જ નથી, એનો અર્થ એમ નથી કે પરિણામ નથી.

(૧૧) ત્રાક પરથી જેમ સરળપણે સૂતર ઉકેલાતું હોય છે તેમ સાધક પોતાના કર્મને ઉકેલવાનો અભ્યાસ કેળવે. એ કદી હાંફળોફાંફળો ન બને. ઘણું ઘણું અનેક જાતનું કામ આવી પડ્યું હોય તો કયું પ્રથમ થવું ઘટે એ વિચારીને તે તે કામ ઉકેલતો જાય ત્યારે (તે તે વખતે) તે મનમાં બીજાં કામનો બોજો માથે લઈને ન ફરતો હોવો ઘટે. આ તો જ બની શકે જો સાધકનામાં યથાયોગ્યપણે વ્યવસ્થાશક્તિ, વ્યવસ્થિત તેનામાં આવી ગઈ હોય; કે ન આવ્યાં હોય તો તે આણવાનો એનો સતત જીવતો જાગતો પ્રયાસ હોય; પણ એમાં એણે કોઈ પણ રીતે સ્વભાવવશ ન થઈ જવાયાં કરાય તે તો ધ્યાનમાં રાખવું જ પડશે.

(૧૨) જે જે કર્મ કરવાનું હોય એના સર્વાંગીપણાનો ચિતાર સાધકને આવવો ઘટે; તે તે કર્મ સાથે સાથેનું જે જે કંઈ સળંગપણે થવાનું હોય તે તે કર્મ પણ તે કર્મ સાથે લેવાવું જ જોઈએ. નહિતર તે તે કર્મ બધાં અધૂરાં જ થયાં કરવાનાં.

કૃપા કરીને આ આપણે બધાંયે વારે વારે ધ્યાનમાં લેવાનું છે; બબ્બે ત્રણ ત્રણ દિવસે એનું મનન-ચિંત્વન પણ થવું ઘટે કે જેથી જે તે કર્મમાં કર્મકુશળપણું જન્મ્યા કરે.

(૧૩) જે તે કર્મમાં સાધકે વિવેકશક્તિ -બુદ્ધિ-સમતોલપણું - આકલનશક્તિ - બધું જ વાપર્યા કરવું પડશે, એમાં એનાથી ડહોળાઈ ન જવાય તે માટે પણ સાવચેતી રાખવી જ પડશે. જે તે વસ્તુની સમજ-પકડ સાધકને આવી જવી જ જોઈશે.

(૧૪) જે તે કર્મ કરાતાં કરાતાં અનેક માણસોનો અથવા પોતાનાં ને પારકાઓના સ્વભાવનાં એને દર્શન તો થવાનાં જ, પણ સાધકે તે તે કશું પણ મનમાં સંઘરવાનું નથી. કોઈ માણસની પ્રકૃતિ ભૂલકણાપણાની હોય ને તે તેવું યાદ ન રાખે તો એ કર્મ સ્વભાવવશ જ કર્યું ગણાય. જ્યારે સાધક પોતે તે તે જ્ઞાનપૂર્વક કર્યા કરે ત્યારે તે સ્વભાવથી ઉપર તર્યા કરતો હશે. જે માણસની ભૂલકણી પ્રકૃતિ કે સ્વભાવ હોય ને એ બધું ભૂલ્યા કરતો હોય પણ એની પાછળની જે ચેતન જાગૃતિમય સાવધાની-સાવચેતીને એની જ્ઞાનપૂર્વકની સમજણ એ બધું જો ન હોય તો એ એક પ્રકારની જડતાનો જ પ્રકાર ગણી શકાય. સાધક પોતાની તેવી જાતની પ્રકૃતિ કે સ્વભાવની ખાસિયતનો લાભ જરૂર ઉઠાવી શકે છે. એવા જીવે એ પોતાનો કોઈ સદ્‌ગુણ છે એવું ધારી લેવાનું નથી જ. તેવી જ રીતે અમુક વ્યક્તિને ચોક્સાઈની ટેવ હોય, પણ ત્યારે કર્મમાં તે તે ટેવને આધારે કર્મકુશળપણું આણ્યા કે પ્રવર્તાવ્યા કરે, તે ઠીક છે, પણ એવાએ પણ કર્મમાં પૂરતી જાગૃતિ, સાવચેતી, સાવધાની વિવેકશક્તિ એની (કર્મની) સર્વાંગ સળંગપણાની પકડ-સમજ-ચેતના-કર્મના હેતુનો જીવંતપણે એનો ખ્યાલ તેમાં (કર્મમાં) રહેવાં ઘટે. મતલબ કે બંને પ્રકૃતિવાળાને

કર્મ કરવાનાં લક્ષણો તો સરખાં જ હોવા ઘટે. **જેનામાં ચોક્સાઈ નથી એણે તે આણવી તો પડશે જ. તે વિના એનો આરો નથી, કારણ કે તે વિના તેના સ્વભાવનું રૂપાંતર તે કરી શકવાનો જ નથી, તેવું જ બધે બધામાં સમજી લેવાનું છે.**

(૧૫) કર્મમાં તાદાત્મ્ય હોવું એ એક જુદી વાત છે ને કર્મમાં ડૂબી જવાપણું રહે તે વાત જુદી છે. ડૂબી જવાપણામાં મુખ્યત્વે કરીને સ્વભાવવશપણે તે થયા કરતું હોય છે ને તાદાત્મ્યમાં જ્ઞાનપૂર્વકની જાગૃતિ-ચેતના હોવી ઘટે.

નદીના પૂરમાં તણાતું લાકડું જેમ પરવશ હોય છે પણ પૂરમાં તણાતો માણસ તો પાર નીકળી જ શકવાનો છે. તેવી જ રીતે આપણે બધા સ્વભાવના પાશના પૂરથી જે તે કર્યા કરતા હોઈએ છીએ, પણ આપણે ત્યાં ત્યાં તરતાં રહેવાનો જીવતોજાગતો પુરુષાર્થ કર્યા જ કરવાનો છે. **સાધક કર્મ સાથે તાદાત્મ્ય સાધે પણ તે સાથે સાથે પાછો એનાથી આવરાઈ ન જવાને દિલમાં ખ્યાલ-ભાન-જ્ઞાન તો જરૂર રાખ્યા જ કરે.**

એટલે જ સ્વભાવ કે પ્રકૃતિના જોશમાં જે કોઈ કર્યા કરે છે, તેના કરતાં જે કોઈ વિચાર કરીને કર્મ કરે છે, એવાના જીવનનો વિકાસ થવાનો સંભવ વધારે રહે છે. ટૂંકમાં, કશું પણ ઘરેડ પ્રમાણે (જો વિચાર કરીને કરવાની માત્ર ટેવ પડેલી હોય, પણ એમાંયે જો સાધક એનું જ્ઞાન-જાગૃતિ-ચેતના-વિવેકશક્તિ-તટસ્થતા-સમતોલપણું વગેરે એમાં તાદશ્યપણે ન રહ્યાં કરતાં હોય તો તે પણ એક જાતનો સ્વભાવ જ થઈ ગયેલો ગણાય. જોકે તે સ્વભાવ ઘણા ઊંચા પ્રકારનો ગણાય એ વાત નિઃસંદેહ છે) એટલે કશું ઘરેડ પ્રમાણે ન થવું જોઈએ.

જો આ બધું આપણે ખ્યાલમાં રાખીએ ને તેનું ચિંત્વન-મનન કરીએ તો કર્મમાં કર્મકુશળપણું જન્મ્યા કરે.

*('જીવન પાથેય' ચો.આ., પૃ. ૫૧ થી ૫૬)*

## ૨. અંદરનું બધું જે ભરેલું હોય, તે ઊભરે

**- પૂ. શ્રીમોટા**

**પ્રશ્ન :** 'મોટા, હમણાં કશું સ્થિર રહેતું નથી, નિર્ણયો બરાબર લઈ શકાતા નથી, તો શું કરવું ?'

**શ્રીમોટા :** 'તમે ક્યાં સ્થિર થયા છો કે જેથી સ્થિરતા આવે ? પહેલાંનું અંદર ભરેલું હોય, તે બધું તક મળતાં ઊભરે. એ કંઈ બહારથી આવતું નથી. આવા સમયે પ્રાર્થના, ભજન, આત્મ-નિવેદન, સ્મરણ, સત્પુરુષોનો સમાગમ વગેરે કરવું જોઈએ. જ્યારે સાધનાકાળ દરમિયાન મારી આવી સ્થિતિ હતી ત્યારે હું ખૂબ ભજનો લખી લખીને ગાતો. 'કેશવચરણકમળે'માં કેશવને (ગુરુમહારાજને) ઉદ્દેશીને જે બધી પ્રાર્થનાઓ-આવી સ્થિતિમાંથી ઉગારી લેવા માટે-થયેલી તે જ લખાયેલી છે.'

'હાજી', મેં વધુમાં કહ્યું કે 'મન એવું લુચ્ચું છે કે આપણને આમથી તેમ ભમાવી દઈને ગોથાં ખવડાવે છે.'

**ત્યારે શ્રીમોટા એકદમ જોશમાં બોલ્યાં કે 'ખોટી વાત. જો મન માણસના રૂપમાં હોત તો તમને તે તમાચો મારીને કહેત કે 'ખોટા તો તમે છો અને વાંક મારો કાઢો છો ?! તમારા નિશ્ચયમાં જ સગડગ છે અને મારા ઉપર આરોપ કરો છો ?'**

એવા વખતે આપણે અડગ રહીને શા માટે યોગ્ય પગલાં ના લેવાં ? **હંમેશાં 'પૉઝિટિવ' એટલે કે રચનાત્મક વિચારો કરવા. નિમ્ન વિચારો આવે ત્યારે સારી પ્રવૃત્તિમાં જોડાઈ જવું કે મોટેથી સ્મરણ કરવામાં લાગી જવું.'**

સાંજે પાંચ વાગતાં તેઓશ્રી બહાર ફરવા જવા તૈયાર થયા. મેં તેમને પગે પડી તેમના ચરણ ચૂમ્યા ત્યારે તેમના તરફથી જોશીલો ધબ્બો માણવા મળ્યો. અને મેં વિદાય લીધી.

*('શ્રીમોટાની સાથે સાથે' દ્વિ.આ., પૃ. ૨૧૧-૨૧૨)*

બહારની પ્રવૃત્તિમાં આપણે જેવી રીતની અંતર્મુખ દૃષ્ટિ રાખીશું અને મનનો જે હેતુ રાખીશું, તે પ્રમાણે આપણા પર કાર્યની અસર થશે. **આપણે બે રીતે અંતર્મુખ રહેવાનું છે. એક, આપણી સાધનામાં રસ અને ખંત સાથેની તલ્લીનતા કે એકાગ્રપણું રહે એ રીતે. બીજું, આપણી બાહ્ય પ્રવૃત્તિ પાછળનો આપણો અંતરનો હેતુ જગતના લોકોના જેવો લાભાલાભનો કે તોળી તોળીને તોળવાનો કે ખૂબ કસી કસીને ચોક્કસાઈ કર્યા કરવાનો રહેશે નહિ; પણ એની પાછળ પણ આપણી ચેતના કેમ વધે એવો રાખવાનો છે.** આનો અર્થ એમ નથી કે આપણે કુશળતા વાપરવાની નથી. કુશળતા તો જરૂર વાપરવાની છે, ને વિવેક પણ રાખવાનો છે; પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણેની વૃત્તિ આપણી દરેક બાહ્ય પ્રવૃત્તિ પાછળ આપણે રાખવાની છે. હવે જે વેપાર આપણે હાથે થાય, તેમાં કોઈ પણ પક્ષને જાણીબૂજીને exploit કરવાનો-નીચોવીને કસ ચૂસી લેવાનો - આપણો હેતુ ન હોય તે તો સમજાય એવું છે. એ વિષે કંઈ વધુ લખવાપણું હોય નહિ. કંપનીને તેથી થોડુંક ઓછું કમાવાનું થાય, તો પણ તેની કશી હરકત નથી.

### સર્વવ્યાપકતાનો અનુભવ

હરિઃ ૐ સાબરમતી,
તા. ૬-૪-'૪૨

પ્રિય ભાઈ,

આપણા હૃદયમાં ભગવાનનો રસ જ્યારે બરાબર જામેલો હશે ત્યારે બધામાં, બધી પરિસ્થિતિમાં, બધાં સંજોગોમાં, બધાં કર્તવ્યોમાં જડચેતન સૌ વસ્તુમાં, ભગવાનનો રહેલો સૂક્ષ્મ રસ આપણને સમજાયા વિના રહેવાનો નથી. આપણામાં જેવું થતુ હોય છે, અથવા આપણા હૃદયની જેવી દૃષ્ટિ હોય છે, તે જ પ્રમાણે આપણને બધું સમજાય છે. તે જ પ્રમાણે જાણ્યે-અજાણ્યે આપણાથી બધું મપાતું રહે છે. આ ઉપરથી **"યથા પિંડે તથા બ્રહ્માંડે"** એ મહાવાક્ય સમજાય છે. એ વાક્યમાં પિંડને વધારે મહત્ત્વ આપેલું છે. **જેની જેવી દૃષ્ટિ, જેવું જેનું હૃદય, તેવી તેની નજર ને તેવું તેનું વિશ્વ.** એટલે જ આપણે જો આપણામાં પ્રભુના ભાવને મથી મથીને શરણભાવ કેળવ્યાં કરીને કાર્યના આરંભમાં એને જ મૂકીને ને સમાપ્ત થયે એને જ સમર્પીને કંઈ કશામાં આમ તેમ આપણને ફગાવા ન દઈને, પ્રેમથી એનું નામસ્મરણ કર્યા કરીને આપણામાં પ્રભુભાવને જો ઉદ્ભવવા દઈશું, તો જગતમાંથી પણ તેવો પ્રત્યુત્તર મળવાનો જ છે. **रसो वै सः ।** 'રસ તે જ છે.' એટલે આપણા હૃદયમાં એ પરમ મહાતત્ત્વને માટે કે પરમતત્ત્વમાં લગની લગાડીને, એનો રસ જો એની કૃપાથી આવરણો કે અવતરણો દૂર થતાં ઉપજાવી શકાયો તો, બધાંમાં જ આપણને રસનો અનુભવ થવાનો જ છે. એટલા માટે શાસ્ત્રકારોએ અને અનુભવી સંતપુરુષોએ તથા ભક્તોએ ગાયું છે કે **'ભગવાનનું શરણું એ જ સર્વસ્વ છે.'** આપણા હૃદયમાં ભગવાનનો ભાવ ઉદ્ભવવાથી આપણાથી જે કામો થશે તે કામોમાં જાણે અજાણે તેની છાપ રહ્યાં કરશે.

*('જીવનપગથી' પાંચમી આ., પૃ. ૧૧૭ થી ૧૨૪)*

### આપણી માન્યતા બીજાં પર ઠસાવો નહિ

સાબરમતી, તા. ૬-૪-'૪૨

પ્રિય ભાઈ,

કોઈના મનમાં આપણને રુચતી વાત કે હકીકત ઠસાવવા માટે કે કોઈનો મત ઠેરવવા માટે આપણે કશું કરવાનું નથી. આપણે તો સર્વ કંઈ આપણા પોતાના માટે જ કરવાનું છે એ ખ્યાલ આપણા દિલમાં રહ્યાં કરવો જોઈએ. આપણું દૃષ્ટિબિંદુ ઠસાવવા માટે કશું કંઈ કોઈને ન લખવું. ઠસાવવા જતાં તે દૂર થવાને બદલે કેટલીક વાર વધારે દૃઢ થાય છે.

*('જીવનપગથી' પાંચમી આ., પૃ. ૧૪૯)*

શ્રદ્ધાના ત્રણ પ્રકાર હોય છે. **આપણામાં જે સમજણ વધવા માંડે છે તેને શ્રદ્ધા પકડી રાખે છે. વળી તે સમજણને અનુભવમાં લઈ જવાને ચેતનારૂપી બળ પણ શ્રદ્ધા પ્રેરે છે. કેટલાકને માત્ર જડતાથી તે એમાં ને એમાં સાચવી રાખે છે; કેટલાકને તે તેજસ્વી બનાવે છે; ને કેટલાકને તે વિચાર કરતા કરી મૂકી વધારે સાત્ત્વિક બનાવે છે.** આ ત્રણે પ્રકારથી આપણે આપણું પોતાપણું તદ્દન અળગું કરી નાખીશું, તો જ તે પોતાનું કામ કરી શકશે. જેટલા પ્રમાણમાં એમ ન થાય તેટલા પ્રમાણમાં શ્રદ્ધા કાં તો કામ કરતી અટકી જશે કે કાં તો તેથી આગળ વધીને અશ્રદ્ધા પણ ઉત્પન્ન કરે એવો સંભવ થાય છે. વાપરતાં આવડે તો કામ આપે, અને નહિ તો નુકસાન કરે, એ જેમ કોઈ પણ શસ્ત્ર માટે સાચું છે, તે શ્રદ્ધા માટે છે. **શ્રદ્ધા એ આત્માનો રંગ છે. એટલે એ (શ્રદ્ધા) આપોઆપ સ્ફુરે તે ઉત્તમ. અનુભવ અને વિચાર વડે કરીને સ્થાયી સ્વરૂપ લે તે મધ્યમ. જે માત્ર જડતાએ કરીને આપણને જકડી રાખે તે કનિષ્ઠ.**

### શ્રદ્ધાની સ્તુતિ

**શ્રદ્ધા એ પુરુષાર્થીનું બખ્તર છે. બચવાને માટે મોટામાં મોટી ઢાલ છે. એ રક્ષણ થવાને માટેનું જ નહિ; પણ રક્ષણ કરવાને માટેનું પણ શસ્ત્ર છે.** જીવનમાં સતત ચાલી રહેતા યુદ્ધમાં આપણે જો એનો પળેપળ અને દક્ષતાપૂર્વક ઉપયોગ નહિ કરીએ, તો સંગ્રામમાં જીત મળતાં આપણને વાર લાગશે. **આત્માએ આત્માને ઓળખવો હોય તો શ્રદ્ધા એક એનું મોટામાં મોટું સાધન છે.** શ્રદ્ધા માણસને શ્વાસની ગરજ સારે છે. ચીલેથી ખોટકાઈ પડેલા ગાડાને નોધારાના આધાર જેવી તે છે. બારે વાંસ ડૂબ્યા હોઈએ ત્યારે ડૂબતાને તારનારી તે પરમ કલ્યાણમયી માતા છે. નદીના જોશમાં વહી જતા પાણીની વચમાં આવી ગયેલી હોડીને માટે સામે પ્રવાહે જવા માટેનો સાનુકૂળ પવન શ્રદ્ધા છે. પુરુષાર્થીના પ્રયત્નદીપકનું તે તેલ છે. તપ્ત હૃદયનું ને ડાલમડોલ મનનું તે શીતલ વિશ્રામસ્થાન છે. ચાલતા શીખતા બાળકની તે ચાલણગાડી છે. બાળકને જીવન પાનાર માતાનું તે દૂધ છે. આંધળાની એકની એક સાથી જેવી તે લાકડી છે. ભૂલ્યા આથડનારાઓનો તે ધ્રુવતારો છે. એના વડે તે પોતાના માર્ગનું નિશાન સાચવી રાખી શકે છે ને આગળ વધે છે. ગમે તેવા સંજોગોમાં જે કદી પણ શ્રદ્ધાને છોડતો નથી, તેના પર તે ન્યોછાવર થઈને પોતાના વરદ હસ્તે તેને સર્વ કંઈ આપે છે. એના ચરણમાં જે પોતાનું સર્વસ્વ બલિદાન દે છે તેને યજ્ઞ પૂરો થતાં પોતે જાતે દર્શન આપે છે.

### શ્રદ્ધા આપણી જીવાદોરી

આ તો બધી સાહિત્યની દૃષ્ટિએ શ્રદ્ધાની કલ્પના વધારે તાદૃસ્ય થાય એ રીતે લખ્યું છે, જો કે એમાંની હકીકતો સત્ય છે. શ્રદ્ધાના ગુણ જેટલા ગાઈએ તેટલા ઓછા. શ્રદ્ધાના બળ વડે જ આપણે આ માર્ગમાં આગળ વધી શકવાના છીએ. જ્યારે જ્યારે વિમાસણમાં આવી પડાય, જ્યારે જ્યારે હૃદય ઉપર ભાર રહે ને ગૂંચવણમાં પડાય, ત્યારે શ્રદ્ધા ઉપર જ આધાર રાખીને આપણાથી જીવી શકાય છે. અનેક નિરાશા મળતાં તથા મથામણની ભુલભુલામણીની અંદર આ શ્રદ્ધા વિના બીજું કોણ આપણને જીવંત રાખી શકે એમ છે ? **સંપૂર્ણ શ્રદ્ધા થતાં શરણભાવ આવી જ જાય છે; અને શરણભાવ ન જામે ત્યાં સુધી શ્રદ્ધા પણ પૂરી જામતી નથી. વિશ્વાસ એ શ્રદ્ધાનું એક અંગ છે એમ કહીએ તો ખોટું નથી. એટલી શ્રદ્ધાની ભાવના સંપૂર્ણપણે આપણે જો કેળવીને ખીલવી શકીએ તો સાધનાના સર્વ ગુણો એમાં આપોઆપ કેળવાઈ જાય છે.** એટલે જ સંતમહાત્માઓએ સાધકને

વાટખર્ચીમાં શ્રદ્ધાનું ભાથું આપેલું છે. આ શ્રદ્ધાધનની અમૂલ્યતાને લીધે જ તમને એક વાર કોઈ કવિનું લખાણ જે છે તે લખેલું કે :

**'શ્રદ્ધા કેરી પણ ન ખૂટજો વાટમાં વાટખર્ચી.'**

બીજું બધું થજો પણ હે ભગવાન ! અમારા પરમ પાથેયની વાટખર્ચીની શ્રદ્ધા કદી ન ખુટાડજો.

**શ્રદ્ધા અંતરને અજવાળું આપે છે, સમજણની આંખ દે છે, અનુભવનું હૃદય ખોલે છે અને અપ્રત્યક્ષને પ્રત્યક્ષ કરે છે; શ્રદ્ધાથી નબળો બળવાન થાય છે; બળવાન શ્રેયસ્સાધક થાય છે; શ્રેયસ્સાધક આત્મસાધક થાય છે ને આત્મસાધક ભગવાનમાં ભળે છે.** શ્રદ્ધારૂપી એક મહાન આશીર્વાદ ઈશ્વરે માણસ ઉપર વરસાવેલો છે. ભગવાને જો શ્રદ્ધાની ગુણભાવના માણસમાં ન મૂકી હોત, તો તો જગતનો વહેવાર ચાલત કે કેમ તે સમજવું મુશ્કેલ છે. શ્રદ્ધાથી અનેક ચમત્કારો થાય છે, ને થયા છે. અનેક તકો અને સંપતો આપણને જીવનમાં મળતી હોય છે, પણ તે શ્રદ્ધા વિના સરકી જતી હોય છે. શ્રદ્ધા જ એક એવી ભાવના છે કે જે આપણને નવી દૃષ્ટિ, નવી સમજણ આપે છે. એકના એક જ પ્રસંગને શ્રદ્ધાવાળો માણસ અમુક રીતે જોશે ને શ્રદ્ધા વિનાનો બીજી રીતે જોશે. **શ્રદ્ધાવાળા થવા માટે આપણે આપણા મતમતાંતરો, આપણી ગણતરીઓ, આપણાં માપો, સમજણનાં ધોરણો ને આપણા આગ્રહો-એ બધાંથી પર રહેવા અથવા તટસ્થ રહેવા મથ્યાં કરવું જોઈશે તોજ સાચી શ્રદ્ધા કેળવાશે.** શ્રદ્ધાથી જે કરવાનું હોય છે તે આપોઆપ સ્ફુરે છે, જે સમજવાનું હોય છે તે સમજાય છે. જે જોવાનું હોય છે તે આપોઆપ દેખાય છે, ને જે અંતરમાં ઉતારવાનું હોય છે તે આપોઆપ ઊતરે છે. ત્યાં કશું વિચારવાનું રહેતું નથી. **શ્રદ્ધાનો હુકમ મળતાં તે પ્રમાણે કરવાનું મન થાય, તે કરવા માટે દિલમાં ખૂબખૂબ ઉમળકો આવે, તે થાય ત્યારે જ જંપાય-એટલું અંદર ચેતન સ્ફુર્યા કરે-ને પોતાનું કાર્ય કરાવીને જ તે ભાથામાં પાછી ફરીને બેસે; એવી કાર્યસાધક શ્રદ્ધા જ સાચી શ્રદ્ધા છે. શ્રદ્ધા તો આંધળાંની આંખો પણ છે ને લાકડી પણ છે,** કારણ કે આપણે બધાં એક રીતે તો જરૂર આંધળાં છીએ. એથી આપણને તે નવું નવું બતાવે છે ને દોરે છે. શ્રદ્ધા જો ન હોય તો કોઈ પુરુષાર્થીને કે સાધકને સાધન કરવામાં મઝા જ ન પડે. **જેને તાલાવેલી લાગી છે, ખૂબ તમન્ના જાગેલી છે, એનામાં શ્રદ્ધા બળવાન થયેલી છે, ને જીવતીજાગતી બેઠેલી છે એમ સમજવું.** જેમ જેમ શ્રદ્ધાનો અંશ વધતો જશે તેમ તેમ તે આપણને સાધનામાં રસ ઉપજાવતી જશે, આપણને તેમાં તલ્લીન બનાવતી જશે ને તેથી નવું નવું અનુભવાયાં જશે. વળી આપણું વિકાસનું કૂંડાળું મોટું ને મોટું થતું જશે. આપણાં સમજણનાં ધોરણો પણ બદલાતાં જશે. **દરેક કાર્યના અને દરેક પ્રસંગના હેતુનાં દર્શન તે કરાવશે. પ્રત્યેક પ્રસંગમાંથી, કાર્યમાંથી, દૃશ્યમાંથી. વાતચીતમાંથી, અથડામણમાંથી ને પરિસ્થિતિમાંથી આપણને કંઈ ને કંઈ નવું જાણવાનું શ્રદ્ધાથી મળ્યાં કરશે.** શ્રદ્ધા પ્રેરણાને પાંખ દે છે ને એ પાંખોમાં ચેતાનાનું જોમ ભરે છે. આમ તો આપણને આકાશગંગામાં એટલે કે ચેતનાના ભાવમાં સતત નવડાવે છે. જેમ હિમાલયમાંથી ઊતરીને ખીણો, ખાડા, ટેકરા ને કાદવવાળી જમીન ઉપર આવીને ગંગા અનેકને પાવન કરતી, ધનધાન્ય ઉપજાવતી, શીતળતા આપતી, મલીનતાને ઘસડી લઈ જતી દરિયામાં ભળી જાય છે, તેવી રીતે આપણામાં શ્રદ્ધા તેવું તેવું કરે છે. **શ્રદ્ધા બંધ કરેલાં બારણાંને ધક્કો મારીને ખુલ્લાં કરે છે; ન સમજાતા સૂરને રાગમાં બેસાડે છે; મૂંગાને વાચા આપે છે ને લૂલાને પગવાળો કરે છે. આ કંઈ માત્ર સ્થૂળ અર્થમાં નહિ, પણ સૂક્ષ્મ અર્થમાં સમજવાનું છે.** શ્રદ્ધાની શક્તિ કશા સાથે સરખાવી શકાય એમ નથી. **શ્રદ્ધા એ શાસ્ત્રોનો પ્રાણ છે, સર્વ અનુભવોનો નિચોડ છે,**

**ને મધ્યબિંદુ છે. મધ્યબિંદુ ન હોય તો વર્તુળ થઈ પણ કેવી રીતે શકે ? હૃદયનું મધ્યબિંદુ શ્રદ્ધા છે.** એમ તો માનવી માત્રનાં, સાધક નથી હોતા તેનાં પણ, સકળ કર્તવ્યો શ્રદ્ધાથી જ થતાં હોય છે. માત્ર એની એમને ખબર હોતી નથી.

**श्रद्धामयोऽयं पुरुषः । यो यच्छ्द्धः स एव सः ॥**

આ પુરુષ (આત્મા) શ્રદ્ધામય છે. જેવી જેની શ્રદ્ધા તેવો તે હોય છે અથવા થાય છે. એટલે આપણે શ્રદ્ધાને વધારે ને વધારે વિકાસશીલ કરવાની છે. શ્રદ્ધા તો હંમેશ જીવંત હોય છે; પરંતુ એનો સતત જ્ઞાનભક્તિયુક્ત ઉપયોગ કર્યાં કરીશું તેમ તે વધારે તેજસ્વી અને ઉપયોગી નીવડવાની છે. શ્રદ્ધાનું બળ અનુભવે વધે છે અને પછી શ્રદ્ધા સર્વમાં ભળી જાય છે. જેમ એક નાનકડી સૂક્ષ્મ ચિનગારી આખા જંગલને દવ લગાડી દે છે ને પોતે મહા-અનલ બની જાય છે, તેમ શરૂઆતની સાધકની એક બિંદુ સમાનની શ્રદ્ધા છેવટે પરમાત્મભાવની અંદર પરિણામ પામે છે. **શ્રદ્ધા કલ્યાણકારી માતા છે.** એને પાટુ મારનાર તો કોઈ અભાગી જ હોય. એની તો સેવા જ પરમ ભાવે ને પરમ પ્રેમે ઉમળકાથી વારેવારે આપણાથી થવી ઘટે. એને ખોળે જેણે માથું મૂક્યું તે સર્વભાવે નિશ્ચિંત છે. તેનું સર્વ પ્રકારે કલ્યાણ જ થાય છે. તેને કશું ખોવાપણું રહેતું નથી. તે તો મેળવ્યાં જ કરે છે ને પોતે મેળવીને બીજાંને આપ્યાં કરે છે; ને ખરી ખૂબી તો એ છે કે એ આપતો હોય છે, એવું ભાન ને જ્ઞાન પણ એને થાય છે. ત્યારે જ સાચી શ્રદ્ધાનો પૂર્ણ ઉદય થયો છે એમ આપણે સમજવું. શ્રદ્ધાનું એ છેલ્લામાં છેલ્લું માપ છે. કલ્યાણકારિણી, પતિતપાવની, ગંગામાતા-શ્રદ્ધા-આપણા હૃદયમાં ભગવાન સતત વરસાવો ને એનું આપણને સતત જાગૃત ભાન કરાવો ! એના ખોળામાં આપણું માથું નિશ્ચિંત ભાવે રખાવ્યાં કરીને આપણને તેનાં બાળક બનાવો એ જ ભગવાનને હૃદયની પ્રાર્થના છે.

આવું શ્રદ્ધાબળ શરૂઆતમાં નથી હોતું. શરૂઆતમાં તો સાધકની શ્રદ્ધા હવાના પાતળા થર જેવી હોય છે તે જેમ જેમ જામતી જાય છે તેમ તેમ સઘન થતી જાય છે; ને ત્યારે તે નિષ્ઠાનું સ્વરૂપ લે છે. **નિષ્ઠાની સ્થિતિ એટલે પાકટ થયેલી શ્રદ્ધા; પરંતુ શ્રદ્ધાના આદર્શ ટોચથી નિષ્ઠા અવતાર લેતી બને છે.** એટલે જ ગીતાજીમાં 'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્' એમ લખેલું છે. વળી **શ્રદ્ધા વડે કરીને આપણી ભાવના મૂર્તસ્વરૂપ પકડે છે. શ્રદ્ધાથી જડમાં ચેતન પ્રકટે છે. ચેતનમાંથી ચેતના આવીને તેમાંથી રસ-નિષ્પત્તિ થાય છે. રસમાંથી પ્રેમભાવ અને પ્રેમભાવમાંથી ભાવમાં લય પામવાનું બને છે, અથવા તો ભગવાનના યંત્ર થવાય છે.** એક નાનીશી ક્રિયા ચાલુ રાખવાથી કેટલું મહાન પરિણામ નીપજી શકે છે, એનાં અનેક દૃષ્ટાન્તો જગતના વ્યવહારમાંથી પણ આપણને આંખ ઉઘાડી રાખીને જોતાં મળી આવશે.

## ધૂંધવાયા ન કરવું

હરિઃ ૐ કરાંચી,
તા. ૨૭-૩-'૪૨

પ્રિય ભાઈ,

આપણે કોઈ વાતે ધૂંધવાવું નહિ. ધૂંધવાયાં કરતાં ભડકો થવું વધારે સારું. બની શકે ત્યાં સુધી તો ધૂંધવાવાનું જ ન થાય તો સૌથી ઉત્તમ વાત છે. આ હકીકતને બધીયે બાબતમાં આપણે ધ્યાનમાં રાખવાની છે. ધૂંધવાયાં કરવાથી જેટલું નુકસાન થાય છે, એના કરતાં ઘણું જ ઓછું ભડકો થવાથી થાય છે ને તે લાગણી ઝટ શમી જાય છે; એની છાપ પણ ઝાઝી વાર ટકતી નથી. ધૂંધવાવાની લાગણીની છાયા ઘણા લાંબા વખત સુધી રહે છે ને તેની અસર ભુસાતી નથી.

*('જીવનપગથી' પાંચમી આ., પૃ. ૧૧૭ થી ૧૨૪)*

ખાર, તા. ૨૧-૧૧-'૪૩

આપણે જે કંઈ ઊર્ધ્વજીવન બનાવવા માટે જહેમત કરી રહેલાં છીએ તેમાં જરાકે અંધશ્રદ્ધા આપણી ન આવી જાય તે ખાસ જોતા રહેવાનું છે. **અંધશ્રદ્ધા કરતાં તો શ્રદ્ધા ન હોય તેવી સ્થિતિ સારી. અંધશ્રદ્ધા તો સીધો વિનાશનો રસ્તો છે. મને કોઈ પૂજે તો તેથી મને તો કમકમાટી આવે છે. કારણ કે પૂજન-અર્ચન આપણી ભાવનાઓને ઉન્નતગામી બનાવવા માટેનાં સાધનો છે, ને તેવું ન થયા કરતું હોય તો આપણું બધાનું પાખંડ જ ગણાય ને ? તેવી તેવી વેળા મને હૃદયમાં શૂળ ભોંકાય છે. પણ આને કોણ માને ? એના કરતાં આપણે પૂજા છોડી દઈએ તો યથેષ્ટ ગણાય ને તે વધારે યોગ્ય ગણાય.** આપણે તો જે તે કંઈ કરીએ તેમાં દિલની સચ્ચાઈ કેટલી છે તે જોવાનું ને તે વધે તે જોવાનું છે. **કોઈપણ કાર્યની પાછળ ભાવના કેવી છે તેના પર જ તે કાર્યની કિંમત ભગવાનની નજરે અંકાય છે અને એ ભાવના જ્ઞાનપૂર્વકની હોવી જોઈએ. જે પૂજન-અર્ચન આપણી ભાવનાને ઉન્નતગામી ન બનાવી શકે તો તેમાં ક્યાંક તો ખામી જરૂર છે. માટે ભાવના જેથી ઉન્નત ન થતી હોય તેવા કોઈપણ કાર્યની કશી કિંમત નથી.** ભક્તિને નામે આપણે સ્વેચ્છાચારને પોષી ના શકીએ. ભક્તિને આશ્રયે આપણે યદ્વાતદ્વાપણું નહિ ચલાવી લઈએ. જે કંઈ થયા કરતું હોય તે એમ ને એમ કરીએ તે તો ઠીક પણ આમાં તો માર પડ્યા કરે છે, ને હિંદુસ્તાનમાં આપણા સમાજમાં અંધશ્રદ્ધાનો પાર નથી. તેમાં ઉમેરો થતો જોઈને મને તો કમકમાં આવે છે કે **"હે પ્રભુ, મને બચાવજે, મારું પતન થવા ન દઈશ. મારાથી કોઈના પણ નિમિત્તરૂપે એક રજ જેટલું પણ જો તેના જીવનને ઊંચે જવાવામાં મદદ થવાપણું બનતું હોય તો હજારો વાર તને પ્રણામો હો; નહિતર એવા મારા નિમિત્તથી એ કોઈનું જેવું તેવું પોષાયા કરાતું હોય તો તે મને હજારો વીંછી-સાપના ડંખ જેવું છે." ભક્તના હૃદયમાં આ વેદના સોંસરી ઊતરી જશે.** મારા કહેવાનો અર્થ પણ સમજાશે. પૂજા તો એ ભગવાનની જ હોય ને જેને એવી શ્રદ્ધા જીવંતપણે બેઠી હોય તે ધરપત વાળીને બેસી પણ કેમ શકે ? ડૂબતો માણસ જીવવાનો પ્રયત્ન કર્યા વિના રહી શકતો જ નથી. ભલેને પછી એનાથી બચી ના શકાતું હોય તે જુદી વાત છે. બહેનોમાં શ્રદ્ધા હોય છે ખરી, પણ તેમની પકડ એવી સાંસારિક હોય છે કે તેમાં અંધશ્રદ્ધા રહેવા પૂરતો સંભવ રહે છે. તેથી તેમના જીવનપરિચયમાં આવતાં આવતાં એમને ઘણું ચેતાવવું પડે છે કે **"માબાપ ! આપણે જો પંગતે બેસવું છે તો જમવાને માટે. જીવનને ટકાવવાને માટે, નહિ કે સ્વાદેન્દ્રિયોની રસની તૃપ્તિ કરવા માટે; માત્ર જીવન ટકાવવા માટે જ નહિ પણ સાચું જીવન મેળવવા માટે."** એટલે આપણી જેટલી હોય તેટલી બુદ્ધિ ને વિવેકનો ખૂબ ખૂબ ઉપયોગ કરીએ ને જે તે નાણી નાણીને જ લેવાનો અભ્યાસ પાડીએ. ન બની શકે તો મને સ્પષ્ટ 'ના' કહેવામાં કશુંયે ખોટું લાગવાપણું રહેતું નથી. **પણ જો હાથમાં લઈએ તો મરી ફીટવાનો નિર્ધાર કરીને તેમાં પડીએ. યુદ્ધે ચઢીને પાછા તો હઠાય જ કેમ ? યુદ્ધે ચઢીને તો કટકા થઈને પડીએ તોયે આપણા ખ્યાલમાં ત્યારે ભગવાન જ રહ્યા કરતા હોવા ઘટે.**

જે માનવી જેને પોતાનું નક્કર ધ્યેય માને ને તે દિશામાં મક્કમપણે મંડ્યો રહે છે, તેને શ્રદ્ધા મળવાપણું નથી રહેતું. તેનામાં આપોઆપ શ્રદ્ધા ઊગે છે તે અનુભવનું સત્ય છે. **જે સતત ધ્યેય પ્રતિ દૃષ્ટિ, વૃદ્ધિ ને વલણ દઢાવીને એક એક ડગલું ભરવામાં મચ્યો મંડ્યો ને ખૂંપ્યો રહે છે તેનામાં, શ્રદ્ધાનું અવતરણ થયા જ જાય તે જાણશો.** માટે થાય તેટલું કર્યા કરશો તો બાકીનાની ફિકર તે પોતે જ કરતું રહેશે.

**શુદ્ધિ અને સત્ત્વવૃદ્ધિની દૃષ્ટિએ જેટલું આપણા પોતાનું જીવનપરિવર્તન થતું રહે તે જ આપણી કમાણી. તે જ આપણું સાચું ધન.** પાડોશી પાસે લાખો રૂપિયા હોય પણ તેથી કંઈ આપણે પૈસાદાર નથી થઈ જતા. **તેમ મારા વિશેની તમારી કોઈ માન્યતાના અંતિમ પરિણામે તમારામાં સાચું જીવનધન વધતું ના હોય તો તે માન્યતા મિથ્યા છે.** તે ધન નાશવંત નથી. એ ધન કમાવાની તાલાવેલી આપણા દિલમાં લાગેલી હોય તો મનને ભમવાપણું ક્યાંયે ન રહે. માટે એ તાલાવેલી કૃપા કરી જગાડો. તેમાં જ જીવનનું શ્રેય રહેલું છે. તે વિના સર્વ પ્રયત્ન મિથ્યા જવાના છે. ને એ તાલાવેલી વિના થયેલા પ્રયત્નમાં કચવાટ જ પેદા થયા કરવાનો છે. **જે કર્મની પાછળ નર્યો નીતર્યો શુદ્ધ ભાવ - પારમાર્થિક હેતુ નથી તે કર્મ નથી, પણ બંધન છે. આપણાં કર્મો તો ભાવની વૃદ્ધિ અર્થે, યજ્ઞભાવે થવાં ઘટે. તો જીવતર કંઈક ઘડાય. બાકી તો ભગવાન સંભાળવાવાળો છે જ.**

*('જીવન પાથેય' ચો.આ., પૃ. ૬૧ થી ૬૩)*

## ધ્યાનનો હેતુ

ધ્યાનમાં બેસવાનો એક હેતુ જેમ નીરવતા પ્રગટાવવાનો છે, તેમ તેનો બીજો હેતુ નીરવતાની સ્થિતિ આપણો કર્મવહેવાર થતાં થતાં પણ જોખમાય નહિ અને કર્મ આપમેળે સહજપણે થયા કરે, તેવી શક્તિ જાગ્રત કરવાનો છે. ધ્યાનથી કરીને જીવનકક્ષા ઊંચી થાય અને આપણને એનું જ્ઞાનભાન રહે અને એવા જ્ઞાનભાનની લહરી સતત એકધારી સર્વ કાંઈ કરતાં કરતાં જીવતીજાગતી રહ્યા કરે તેને માટે પણ ધ્યાનનું સાધન ઉત્તમ છે. આજકાલ તો જે તે બધાં ધ્યાન કરવાને બેસી જતાં જોયેલાં છે. જેમ વેપાર કરવાને મૂડીની આવશ્યકતા ઘણી ઘણી છે, તેમ ધ્યાનને માટે પણ તેની શરૂઆત કરતાં પહેલાં આપણાં મનાદિકરણમાં એકાગ્રતા કેળવાયેલી હોય તે ઘણું જરૂરનું છે. એકાગ્રતા કેળવાયા વિના ધ્યાન થવાની શક્યતા નથી.

*('જીવન દર્શન' ૧૧મી આ., પૃ. ૨૦)*

## 'હરિઃૐ ગુંજન'ને ભેટ

| | | |
|---|---|---|
| (૧) | ગ્રીષ્મા ગર્વિત પટેલ, અમદાવાદ | રૂ. ૧૫,૦૦૦/- |
| (૨) | પ્રવીણચંદ્ર સી. પરીખ, અમદાવાદ | રૂ. ૧૨,૦૦૦/- |
| (૩) | અભિલાષભાઈ એ. પટેલ, અમદાવાદ | રૂ. ૧૦,૦૦૦/- |
| (૪) | ઇન્દિરાબેન એસ. પટેલ, નડિયાદ | રૂ. ૬,૧૨૧/- |
| (૫) | શર્મિષ્ઠાબેન નટવરલાલ સુંદરાવાળા, અમદાવાદ | રૂ. ૫,૦૫૧/- |
| (૬) | ડૉ. રેણુકાબેન જી. સ્વામી, અમદાવાદ | રૂ. ૫,૦૦૦/- |
| (૭) | સ્વ. વિભાબેન જે. શાહ, અમદાવાદ | રૂ. ૫,૦૦૦/- |
| (૮) | માયાબેન જે. ઝવેરી, ભરુચ | રૂ.૨,૦૦૦/- |
| (૯) | યોગેશભાઈ પી. આશરા, અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| (૧૦) | મૃદુલાબેન એમ. મુખી, અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| (૧૧) | ગુણવંતલાલ સી. ઠક્કર, અમદાવાદ | રૂ. ૫૧૧/- |

**ઉપરોક્ત સર્વે સ્વજનોનો અમો હૃદયથી આભાર વ્યક્ત કરીએ છીએ.**

(અનુષ્ટુપ)

**પ્રભુતણો કૃપા ભાવ પાંગર્યાં કરજો સદા,**
**અમારા જીવને પ્રાર્થું પાડજો પગલાં પ્રભુ.**

આ પ્રાર્થનાના શબ્દરૂપ અને રચના તરફ આપણે નજર કરીએ તો પહેલી ખૂબી એ છે કે પ્રાર્થનાનો એક પણ શબ્દ દેખીતી રીતે સમજવો મુશ્કેલ નથી અને બીજી ખૂબી એ છે કે અનુષ્ટુપ છંદ- એટલે કે શ્લોકના ઢાળમાં લખાયેલી આ પ્રાર્થનામાં ક્યાંય વિરામચિહ્ન નથી.

દેખીતી રીતે સમજવી મુશ્કેલ નહિ એવી આ પ્રાર્થનાનો ભાવાર્થ પ્રાર્થનાના હાર્દને વધુ તેજસ્વી રીતે પ્રગટ કરે છે. એ સમજવાથી જેને પ્રાર્થના થાય છે અને જે પ્રાર્થના કરે છે એનાં હૃદય એક બની જાય છે, એની આપણે ઝાંખી પામીએ છીએ.

આ પ્રાર્થના પૂજ્ય શ્રીમોટાએ કરી છે. જે હૃદય હરિના સંપૂર્ણ અનુભવરૂપ બન્યું છે એ પોતે જીવમાત્રના હૃદયમાં અખંડિત જીવનરૂપે જીવી રહ્યાં છે, એવા પૂજ્ય શ્રીમોટા આ પ્રાર્થનામાં, 'હે પ્રભુ, અમારા જીવને પગલાં પાડજો.' એમ પ્રાર્થના કરે છે. તેઓશ્રીએ 'અમારા' શબ્દથી પોતાના સ્વજનના જીવન સાથેની એકરૂપતા સૂચવી છે. પૂજ્ય શ્રીમોટાનું જીવન એ અખંડ દિવ્યજીવન છે અને એ જગતના જીવમાત્રના જીવનના અખંડિત તત્ત્વ સાથે 'એકરૂપ' છે. આથી તેઓશ્રીએ 'અમારા જીવને' એમ લખ્યું છે. જ્યારે આપણે આ પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે પણ આપણી સાથે સૌનાં જીવનને સાંકળીએ છીએ.

આમાં પૂજ્ય શ્રીમોટાએ આપણા માટે કઈ પ્રાર્થના સૂચવી છે ? 'પગલાં પાડજો પ્રભુ' હે પ્રભુ, અમારા જીવનમાં આપ પગલાં પાડજો, આપણા વ્યવહાર જીવનમાં 'પગલાં પાડવાં' શબ્દોનો આપણે ઘણીવાર પ્રયોગ કરીએ છીએ. કોઈક સંત-મહાત્માને આપણે ઘેર 'પગલાં પાડવાં' શબ્દોનો આપણે ઘણીવાર પ્રયોગ કરીએ છીએ. કોઈક સંતમહાત્માને આપણે ઘેર 'પગલાં પાડવાં' માટે વીનવીએ છીએ. 'પગલાં પાડવાં'નો આધ્યાત્મિક અર્થ શો છે ? 'પગલાં' એ કોઈકના આવ્યાની અને એના 'હોવા'ની- એના અસ્તિત્વની નિશાની છે. 'પગલાં પડે' પછી એ દેખાતાં બંધ થઈ જાય એ બરાબર નથી. આથી જો ભીની ભોંય પર પગલાં પડે તો 'પગલાં'ની છાપ ઊંડી બને. પ્રભુનાં પગલાં ઊંડાં પડે એ માટે આપણું હૈયું ભીનું રહેવું જોઈએ. પ્રાર્થનાથી હૈયું ભીનું થતું હોય છે. એટલા માટે 'પગલાં પાડવાં' માટે પ્રાર્થના કરવાની હોય છે. જ્યાં 'પગલાં' પડે છે ત્યાં પગલાં પાડનાર દેખાતો નથી. છતાં 'પગલાં' પાડનાર છે. આથી પ્રભુના 'પગલાં'ની વાત છે. હરિ 'છે' છતાં દેખાતો નથી, આમ છતાં 'હોવા પણા'ની નિશાની એનાં 'પગલાં' છે. એ પગલાં ભીનાં હૈયામાં ઊંડા ઊતરો-એ આર્દ્ર હૈયાની પ્રાર્થનાનો ભાવ આ શબ્દો દ્વારા સૂચવાયો છે.

પ્રભુ કેવો છૂપો રહે છે એ માત્ર એક જ શબ્દ દ્વારા પૂજ્ય શ્રીમોટાએ સૂચવ્યું છે. 'પ્રાર્થું' શબ્દ ધ્યાનથી વાંચવા જેવો છે. 'પ્રાર્થું' એ પ્રાર્થનાની ક્રિયા સૂચવતો શબ્દ છે. તો પ્રાર્થનાની ક્રિયા કોણ કરે છે ? બધા જ જીવ આ પ્રાર્થના કરે છે. જ્યારે પોતે વ્યક્તિ તરીકે આ પ્રાર્થના કરે છે, ત્યારે આ પ્રાર્થનાના 'પોતે' કર્તારૂપ હોય છે. આ પ્રાર્થના પૂજ્ય શ્રીમોટાએ લખી છે. તેઓશ્રીના સર્વાત્મભાવના અનુભવરૂપે રહેલો 'હું'- 'પ્રાર્થું' ક્રિયાપદની પાછળ છુપાઈ ગયો છે. આ ક્રિયાપદથી આપણે જાણીએ છીએ ખરા કે ('હું') પ્રાર્થું એમ જ છે, પરંતુ 'હું' શબ્દરૂપમાં પ્રગટ થયો નથી. પ્રભુરૂપ 'હું' હોવા છતાં પ્રગટ નથી. એ તો આપણા આધારમાં છે. ત્યાં એનાં પગલાં પડે, મતલબ કે એ આધારરૂપ છે એવું આપણને પહેલાં 'લાગે' પછીથી પ્રતીતિ રહે અને પછી એનો અનુભવ થાય એ ભાવાર્થ આ પ્રાર્થનામાં છુપાયો છે.

પરંતુ આવું ક્યારે બને ? એ આપણા પ્રયત્નોથી જ માત્ર ન બને. એ માટે 'પ્રભુનો કૃપાભાવ' જોઈએ. પૂજ્ય શ્રીમોટાએ લખેલી આ પંક્તિના પ્રત્યેક શબ્દો અદ્ભુત તાત્પર્ય દર્શાવનારા છે. 'પ્રભુતણો કૃપા ભાવ' 'પ્રભુની કૃપા' નહિ પરંતુ પ્રભુની કૃપાનો ભાવ એમ સ્પષ્ટ કહ્યું છે. પ્રભુ આપણા જીવનમાં પોતાના 'હોવા પણા' રૂપે આપણાં હૈયામાં-આપણા આધારમાં-'પગલાં' પાડે એ માટે પ્રભુતણો કૃપા 'ભાવ' જરૂરી છે. અનિવાર્ય છે. પ્રભુની કૃપા તો પ્રભુના અનુભવ પ્રદેશ તરફ વિકસતાં વિકસતાં છેક બારમી ભૂમિકામાં ઉપયોગમાં આવે છે. આપણામાં સાધનામય જીવન માટે તીવ્ર તાલાવેલી કે 'ધગધગતા જવાળામુખી' જેવી જિજ્ઞાસા કે તમન્ના નથી. આથી આપણે એવો 'ભાવ' રાખવો કે આપણાથી જે કંઈ સાધન-પ્રાર્થના-વગેરે થાય છે એમાં પ્રભુની કૃપા છે. કૃપાનો આવો ભાવ પહેલાં મનબુદ્ધિથી દઢ કરવો અને પછી દિલ, હૃદયમાં ધારવો. આવો પ્રભુકૃપાનો ભાવ દઢ થતાં વાર લાગે છે. આથી પૂજ્ય શ્રીમોટાએ 'પાંગર્યા કરજો સદા' એમ લખ્યું છે. આમાં ત્રણેય શબ્દોમાં ઊંડો અર્થભાવ છે. 'પાંગરવું'નો અર્થ થાય છે 'અંકુર ફૂટવા'. એટલે જેવી રીતે પોચી જમીનમાંથી અંકુર આપોઆપ ફૂટે છે, એવી રીતે પ્રભુની કૃપાનો ભાવ પાંગર્યા કરે. આવો પાંગરતો કૃપાભાવ માત્ર અમુક જ ક્ષણ ન રહે, પરંતુ કૃપાનો ભાવ 'સદા' પાંગરતો રહે એવું કહેવાયું છે. આવા પાંગર્યા કરતા કૃપાભાવથી સ્પંદિત રહેતાં આપણા જીવનમાં પ્રભુ પગલાં પાડે છે એવી પ્રાર્થના છે.

આ પ્રાર્થનાની રચનાના દેખીતા રૂપની બીજી એક ખૂબી ધ્યાન પર આવી છે. પૂજ્ય શ્રીમોટાએ રચેલા હજારો અનુષ્ટુપમાં હંમેશાં વિરામચિહ્નો યોગ્ય સ્થાને અને અર્થયુક્ત હોય છે. આ એક એવી પ્રાર્થના રચાઈ છે કે એમાં ક્યાંય એક પણ વિરામચિહ્ન નથી. આ હકીકતથી બે બાબતોની ઝાંખી થાય છે. પ્રભુનો કૃપાભાવ 'સદા' પાંગર્યા કરે-એવી પ્રાર્થના હોવાથી એ નિરંતર થયાં જ કરવી જોઈએ. આપણા જીવનમાં પ્રભુ પગલાં પાડે એ એકાદ ઘટના માત્ર ક્ષણ માટે નથી. આથી આ પ્રાર્થનામાં ક્યાંય વિરામ નથી. બીજી બાબત એ છે કે એક શ્લોકમાં બે પ્રાર્થનાઓ એક સાથે છે. 'અમારા જીવને પ્રભુકૃપાનો ભાવ હંમેશાં પાંગર્યા કરો' તથા 'હે પ્રભુ ! અમારા જીવને પગલાં પાડજો એવી પ્રાર્થના કરું છું.'

પૂજ્ય શ્રીમોટાએ કરેલી-લખેલી આ પ્રાર્થનાના શબ્દોમાં પરમાત્માના અનુભવની શક્તિ છે. એના અર્થભાવ સાથે આ પ્રાર્થના થયાં કરે તો એનું ફળ તો જે કરે એને જ ચાખવાનું મળે છે.

*('મોટા' તો કોઈ ઑર છે !' પ્ર.આ., પૃ. ૪૩ થી ૪૭)*

## આદર્શને વિસ્તારની પાંખો

આંતરિક શક્તિ મેળવીએ અને પછીથી શ્રીભગવાનના યંત્ર બની જઈએ અને પછીથી તેની આ ગૂઢ રહસ્યમય રચનામાં, લીલામાં આપણે તેના હેતુના હથિયાર બની જઈએ, અને જે હેતુનો ભાગ ભજવવાને માટે શ્રીભગવાનની કૃપાથી આપણે સર્જાયેલાં હોઈએ તે હેતુને પ્રેમભક્તિથી સાધ્યા કરીએ, પરિપૂર્ણ કર્યા કરીએ, એવો જીવનનો હેતુ પણ દિલમાં દિલથી ખ્યાલમાં રાખ્યા કરવાનો છે. જીવનના આદર્શને સદાય વિસ્તારની પાંખો છે. આદર્શને જેમ જેમ આપણે ભાવનાથી પામવાનો પ્રયત્ન કરીએ, તેમ તેમ આદર્શનું તાદશ્યપણું થતું જતું અનુભવાય છે. આદર્શને સંપૂર્ણપણે એકસામટો એક સમયે પૂરેપૂરો અનુભવી શકાય એવું બનવાની શક્યતા ઘણી ઓછી છે. પ્રભુકૃપાથી આદર્શની ઝાંખી થાય અને એવાં પ્રકારનાં દર્શનથી જીવનમાં તે પરત્વેનું આકર્ષણ એકાગ્રતાની ઉત્કટતાથી પ્રગટે અને તેના પરત્વેનું ઘણું આકર્ષણ દિલથી પ્રગટે તે હકીકત સાચી છે, અને આદર્શ આટલો અને આવો જ છે, એમ શરૂ શરૂમાં ભલે આપણે સ્વીકારીએ, પરંતુ સાચી રીતે તો તેનો પણ અંત નથી હોઈ શકતો.

*('જીવન દર્શન' ૧૧મી આ., પૃ. ૨૨)*

# ૭. ગુરુને અંજલિ

- પૂ. શ્રીમોટા

(અનુષ્ટુપ)

વિના કર્મ પ્રભુનામાં ના પ્રવેશી કદી શકો
કર્મ તેથી પ્રભુભાવે કરવા ધારણા ધરો. ૧

નિરાલંબ, નિરાસક્ત, નિર્મમત્વ સગુણ તે
જીવને તેવું વર્તતા થવાયે તેવું જીવને. ૨

ત્યાં લગી કર્મ-મર્યાદા જીવને વર્તતી રહે
જતાં ઓળંગી તે કક્ષા શો સ્વતંત્ર પછી બને ! ૩

મૌખિક પાઠ આવો તે ભણાવ્યો ગુરુએ મને
એવા ગુરુ તણો માનું હું આભાર કઈ રીતે ? ૪

એણે જે પ્રેમ દર્શાવ્યો હું જેવા મૂઢની પરે
યોગ્ય ના હું હતો પૂરો છતાં શો આવર્યો મને ! ૫

ગુરુની શી પ્રભુતા હા, ગુરુ સર્વોપરિ થવા
કેવી કેવી રીતે હૈયે મથ્યા મને દઢાવવા. ૬

ગુરુના પ્રેમની ઝાંખી કો' રીતે ના કરી શકું
મારામાં એમના જેવા ના બિંદુ એક પ્રેમનું. ૭

મહત્ત્વ એ ગુરુનું શું ? મુખે ના તે કથી શકું
ગુરુને વળગી રે'તા મને એણે બતાવિયું. ૮

બુદ્ધિ મારી પલાળીને એને ઠામ કરાવવા
યુક્તિ-પ્રયુક્તિથી કેવી કરી પાદ ઠરાવવા ! ૯

ગુરુ વિના નથી મુક્તિ સત્ય એ જીવને ઠસ્યું
ગુરુનાં ગુણગાનોની શી મહા તે કથા કથું ? ૧૦

સંભારણાં ગુરુનાં તે મને સ્ફુર્યા કરે હૃદે
ગુરુ ના હોત તો કેવો રહ્યો પામર હું હતે ! ૧૧

હજીયે મૂર્ખતા મારી તણો પાર નથી ખરે !
ભલે સાચું ન માને કો સાચી વાત છતાં દીસે ! ૧૨

દક્ષતા વ્યવહારે ના કશાનું ભાન તે પૂરું,
બધી બાજું તણું એવું રહેતું નથી આપ શું. ૧૩

મૂઢતા વર્તનોમાંની મારી તે સમજાવવા
સમર્થ કોઈને ના હું એવો છું મતિમંદ હા ! ૧૪

છતાં વ્હાલાંજનો મારાં કળા પ્રેમ કરી કરી
મને નવાજતાં એ તો પ્રભુ કેરી પ્રસાદી શી ! ૧૫

સૌના તે પ્રેમની મીઠી હૂંફાળી અમી-છાંયમાં
કરું પામરતા વ્યક્ત જેમ હો પ્રભુપાદમાં. ૧૬

નકારવાનું બુદ્ધિનું ગુરુએ ના કદી કહ્યું
બુદ્ધિ ઠરાવવા ઊંડી એનામાં ચિત્ત મેં ધર્યું. ૧૭

શ્રદ્ધા વિશ્વાસ એનામાં જીવતાં રાખવા મથ્યો
એમનાં વચને તેથી કાઢતાં પ્રાણ હું શીખ્યો. ૧૮

એના જીવનનું ઊંડું મહત્ત્વ હૃદયે પૂરું
સદા રહ્યા કરે એવું ધ્યાન હૈયે ધર્યા કર્યું. ૧૯

ઘણીવાર ગુરુની તે મહત્તા છટકી જતી
મહત્તા કૃષ્ણની જેવી યશોદા મા ભૂલી જતી. ૨૦

છતાં તે જીવને પાછી એનામાં દૃષ્ટિવૃત્તિને
ફરી ફરી પરોવીને એમ વર્ત્યા કર્યું હૃદે. ૨૧

ગુરુ ના દેહધારી તે ગુરુ તો સૂક્ષ્મ ભાવ તે
ગુરુ આધાર ભૂમિકા પામવા ગૂઢ તત્ત્વને. ૨૨

ગુરુ પ્રત્યક્ષ છો ના હો ગુરુની ભાવના હૃદે
દઢાવતાં રહીશું જો મેળે પ્રત્યક્ષ તે થશે. ૨૩

ગુરુની ચેતનાશક્તિ જીવને તે પ્રવેશવા
અને કરી શકે કાર્ય આપણાં, તે પ્રમાણવા. ૨૪

ગુરુમાં લક્ષ રે'વાનું તે મહત્ત્વનું કેટલું
જીવનસાધના જેઓ કરે તે જાણશે ખરું. ૨૫

ગુરુના સ્થાનનું કેવું મહત્ત્વ જીવને ઊંડું
જે કોઈ જાણશે એને નવા રૂપે દીસે ગુરુ. ૨૬

સ્થૂળ દેહ ગુરુ ના છે સૂક્ષ્મથી સૂક્ષ્મ ભાવ શો !
ગુરુના જીવને જ્યારે ભળશો, તો પિછાનશો. ૨૭

મહત્તા ગુરુની એવી જ્ઞાનભાવે ગ્રહ્યા કરી
ઠસાવ્યા જીવને ઊંડી કરી, તેથી ફળ્યાં કરી. ૨૮

**મળ્યો લાભ મને જે કંઈ નજીવો હો ભલે છતાં**
**ભક્તિભાવે તમોને હું નમીને મૂકું પાદમાં. ૨૯**

**જીવન માનવી કેરું શ્રેષ્ઠ સૌ યોનિની મહીં,**
**જીવન માનવી વિના મુક્તિ કો જીવને નથી. ૩૦**

**માળખું માનવીનું તે મળ્યું તે પ્રભુની કૃપા**
**હું તો માન્યા કરી હૈયે એને શી કરું વંદના ! ૩૧**

**માનવી યોનિનું ઊંડું મહત્ત્વ ગુરુએ મને**
**ઠસાવ્યું ઉરમાં તેથી પ્રભુને વરવા ચહ્યું. ૩૨**

**મનખા દેહ સદ્‌ભાગ્યે મળેલો-ચેતવા હૃદે,**
**કૃપા રાખી ઊંડો ખ્યાલ યાચું તે જીવજો હૃદે. ૩૩**

**તમોને પ્રાર્થનાભાવે જે આવ્યું તે બક્યા કર્યું**
**પોતાનું કોક જાણીને ક્ષમાભાવે નિહાળવું. ૩૪**

**કાશી** **તા. ૫-૪-'૪૪**

*('જીવન પાથેય' ચો.આ., પૃ. ૩-૬)*

## સાચો વિશ્વાસ

તમારો તા. ૨૩-૨-૧૯૪૦નો અનુભવ વાંચ્યો. તે બાબતે મેં પણ તમને તે જ દિવસે લખી દીધું છે, જે તમે વાંચ્યું હશે જ... ભાઈની બાબતમાં પણ તા. ૨૩-૨-૧૯૪૦ના પત્રમાં લખી દીધું છે. એમને પણ પ્રભુકૃપાથી વિશ્વાસ બેસતો જાય છે, એ વાત જાણી ઠીક લાગે છે, પરંતુ તમે એમને સ્પષ્ટ કહેશો કે કોઈ રીતે જેમ તેમ કરીને મારા પર વિશ્વાસ ના રાખે, એટલી મારા પર મહેરબાની કરે અને કૃપા કરે. સાચી શ્રદ્ધાથી જામેલો વિશ્વાસ જ કસોટીના કાળે ટકી શકશે, બીજો નહિ, કારણ કે અત્યારે તો એમને મારા વિશે સારું સારું લાગે, પરંતુ જ્યારે એમના મનને ના ગમે એવું કડવું કરાવવાનો સહજ પ્રસંગ પ્રાપ્ત થશે, ત્યારે જ તે વિશ્વાસની સાચી કિંમતની ખબર પડશે.

*('જીવન દર્શન' ૧૧મી આ., પૃ. ૨૮)*

## ૮. ભાવના અને કલ્પના - શ્રીમોટા

ભાવનામાં નરી કલ્પના હોય છે એમ કેટલાય ગણે છે, તે સાચું નથી. કલ્પના જુદી હકીકત છે ને ભાવના જુદી હકીકત છે. ભાવનામાં વાસ્તવિકતા હોય છે. કશું અધ્ધર અધ્ધર હોતું નથી. પાયા કે આધાર વિનાની તે હોઈ શકતી નથી. જ્યારે કલ્પનામાં કોઈક વાર વાસ્તવિકતા હોય પણ ખરી ને તે ન પણ હોય. ઘણા મોટા ભાગે તો વાસ્તવિકપણું તેમાં ઓછું હોય છે. સાધારણતઃ કલ્પનામાં તો ખાલી ખાલી તરંગોનું નકામું યદ્વાતદ્વાપણે ઉડ્ડયન હોય છે. જીવનવિકાસની ભાવનાના ઘડતરમાં એકલી નરી કલ્પના નિરુપયોગી નીવડે છે. તેમ છતાં કોઈક વેળા ખરેખરા કોઈક સાધક જીવને એવી કલ્પનામાંથી પણ કંઈક મળી જતું અનુભવેલું છે. જ્યારે આપણે જીવનની પ્રખર સાધનાના મહાભાવમાં પ્રકટેલા હોઈ, તે ભાવે તેમ પ્રત્યક્ષ જીવતાં બની ચૂકેલા હોઈએ છીએ, તેવી વેળા કલ્પનામાંથી પણ વાસ્તવિકપણું પ્રકટેલું અનુભવેલું છે.

**ભાવનાપ્રાબલ્ય પ્રકટતાં....**

આ સાચી અનુભવની હકીકત છે. એને કઈ રીતે સમજાવી શકાય તે સમજાતું નથી. ભાવનાનું પ્રાબલ્ય જીવનમાં પ્રકટતાં જીવનના આકાર ને પ્રકાર તદ્દન નવા જ પ્રકટી જતા હોય છે. જેમાં ને તેમાં નવું દર્શન ને નવો ભાવ અનુભવાતાં હોય છે. એવાને પ્રકૃતિમાં માત્ર પ્રકૃતિનું દર્શન નથી થતું, પણ એમાં એને અંતરંગપણે ભાવ-લીલાની રમત અનુભવાય છે. એમ જીવનમાં ભાવમાં ભાવથી એકાકાર થતાં ને ભાવનો સમગ્રપણે વિસ્તાર થતો રહેતો અનુભવતાં, તેવો પ્રખર સાધક પ્રકૃતિનો ઉપયોગ પણ કરી શકતો હોય છે.

*('જીવનપોકાર', છઠ્ઠી આ., પૃ. ૨૯૨-૨૯૩)*

મારી બા પછીથી મારા નાના ભાઈ મૂળજીની સાથે નડિયાદમાં રહેવા ગઈ હતી. તે પછી મારે બે બહેનોને લઈને વળી પાછું હિંદુ વિશ્વવિદ્યાલયમાં બનારસ જવાનું આવ્યું. ત્યાં મહિનો, દોઢ મહિનો રહ્યાં હોઈશું, તેવામાં મૂળજીનો નડિયાદથી મારા પર કાગળ આવ્યો કે મારી બાના શરીરને નડિયાદમાં ગંભીર માંદગી છે. એટલે જેમની સંભાળ રાખવાનું અને જેની સાથે આવવાનું મારે બનારસમાં થયું હતું, તે બહેનોના પિતાને (બાપુને) મેં કરાંચી મારી બાના શરીરની માંદગીની બાબતમાં તાર કર્યો, પરંતુ તેમણે તો તારથી જવાબ આપી દીધો કે મારે કોઈકને મૂકીને નડિયાદ જવું.

**મા પાસે જવામાં અડચણ**

હિંદુ યુનિવર્સિટીમાં એવો એક કાયદો હતો કે તેના મકાનોમાંના કોઈકમાં છાત્રાલયથી સ્વતંત્રપણે કોઈક ઠેકાણે કોઈ બહેન રહેતી હોય, તો તેની સાથે તેમના કોઈ વડીલ કે વાલી હોવા જોઈએ. મારાથી ગમે તેને જુવાન ઊછરતી બહેનો પાસે મૂકીને જવાય જ કેવી રીતે ? અહીં 'ગમે તેને' એટલે કોઈક ઓળખીતા-સંબંધીને. એવું ઓળખીતું-સંબંધી પણ મારે બનારસમાં ખોળી પણ કેમ કરીને કાઢવું ? તે બહેનોના પિતાએ ખરી રીતે તો ત્યારે બનારસ આવી જવું જોઈતું હતું, પરંતુ તેમનાથી નહિ આવી શકાય તેવું હોય.

**વિરોધી ધર્મોનો કોયડો**

'મળેલી પરિસ્થિતિનો ધર્મ (જે પણ સાચો ધર્મ છે) અને તેની પછીથી પ્રગટેલી બીજી પરિસ્થિતિનો ધર્મ એમ બંને પ્રકારના સાચા ધર્મ વચ્ચે કોને પ્રથમ પસંદગી આપવી ?' એમ એક જટિલ કોયડો ઊભો થયો હતો. એક બાજુ મારી બાના શરીરની સખત માંદગી અને તેને આપેલું વચન, બીજી બાજુ તે પહેલાંથી આ બે બહેનોની સંભાળ લેવાને કાજે અને તેમની અભ્યાસ વગેરેની વ્યવસ્થા કરવાને કાજે તેમની સાથે મારે રહેવાનું આવ્યું હતું તે. હવે, સામાન્ય રીતે તો અને સાધારણ રીતે મને મારી મા પાસે આવી છેવટની માંદગીમાં જવાનું દિલ થઈ આવે જ, તે સ્વાભાવિક છે. વળી, મેં તેને તેના શરીરની છેલ્લી માંદગી વખતે તેની પાસે હાજર રહેવાનું વચન પણ આપ્યું હતું, પરંતુ આ બહેનોની પાસે રહે કોણ ? અને તેમને એમ ને એમ મૂકીને તો જઈ શકાય તેવું હતું જ નહિ, અને બા પાસે મારે હાજર થયા વિના ચાલી શકે એવું પણ હતું નહિ !

**પ્રાર્થનાનો જ ઉપાય**

બંને પરિસ્થિતિનાં સ્થળમાં મારે મારા એક શરીરથી હાજર રહેવાનું ઘણું ઘણું જરૂરનું હતું. એક જ વખતે બંને જુદે જુદે ઠેકાણે એક જ શરીર કેમ કરીને હાજર રહી શકે ? એ તો કદી પણ શક્ય જ ન હતું. જ્યારે હવે એમ લાગ્યું કે નડિયાદ તો કોઈ પણ સંજોગોમાં જઈ શકાય એમ નથી, અહીં બનારસમાં જ રહેવું પડશે, ત્યારે મારી પાસે ભગવાનની પ્રાર્થના સિવાય બીજો કોઈ ઉત્તમ ઉપાય રહ્યો નહિ.

બનારસ, હરિઃૐ તા. ૧૮-૨-૧૯૪૧

**પ્રભુને પોકાર**

ગઈ કાલે અર્ધો લખેલો પ્રસંગ આગળ ચલાવું. અમારા મકાનમાં છાનોમાનો મૌન ધારણ કરીને બેસી જ રહ્યો. અને ભગવાનને પોકારવા જ લાગ્યો : 'હે પ્રભુ ! મારી પણ કેવી વિચિત્ર પરિસ્થિતિ થઈ ગયેલી છે ! બંને પ્રકારના ધર્મમાં હે પ્રભુ ! હું તો અટવાઈ ગયો છું. મારી મા પાસે તેની માંદગીના સમયે કેવી રીતે હાજર રહેવું તેનો મને મુદ્દલે કશો ઉકેલ જડતો નથી. જો બનારસ આવવાનું થયું તે પહેલાં તેના શરીરની માંદગીનું જાણ્યું હોત, તો તો બનારસ આવત જ નહિ, પરંતુ હવે હું કરું શું ?

આપેલું વચન કોઈ પણ ભોગે પાળવું તો જોઈએ જ અને તે પાળવાની મારી પૂરેપૂરી દિલની તત્પરતા પણ છે, પરંતુ હું ત્યાં જાઉં કેવી રીતે ?' વારંવાર હું તો ભગવાનને આવી આવી પ્રાર્થના જ કર્યા કરું.

**આંતરવેદના**

જમવા કરવાનું અને બીજી એવી શરીરની ક્રિયાઓ પણ મૂકી દીધી હતી. એકમાત્ર ભગવાનને પોકાર જ પાડ્યા કરતો. મેં મારી માને વચન આપેલું, અને તેવું વચન પણ હું પાળી શકતો નથી. 'પાળી શકતો નથી' એટલે કે મારું દિલ નથી એમ તો નથી, પરંતુ મારાથી સંજોગોને કારણે પાળી શકાતું નથી. તેનું દર્દ એટલું બધું તો સાલતું કે આના કરતાં તો જાણે કે 'હું ભગવાનને ચરણકમળે જેમ પેલા બ્રાહ્મણ ભાઈએ બાલારામમાં કમળપૂજા કરી હતી તેવી રીતે મારું વચન પાળી ના શકવાના એક પરિણામ તરીકે શ્રીભગવાનને જાણે કે દેહ સમર્પણ કરી દઉં !'

**'તું જ લાજ રાખ'**

એટલી બધી વ્યથા મને થઈ તોપણ એવા પ્રકારની કોઈ અદમ્ય પ્રેરણા આ દિલમાં જાગતી નહિ. હું તો વારંવાર ભગવાનને પોકાર પાડ્યા કરું કે 'હે પ્રભુ ! આ તે કેવી વિકટ પરિસ્થિતિ ! ના આ છોડાય કે ના ત્યાં જવાય ! અને વચન તો પાળવું જ રહ્યું.' ભગવાનને હું તો વારંવાર પ્રાર્થના કરું કે 'હે દીનદયાળ ! તું મારી લાજ રાખજે. તું મારું વચન પળાવજે. હે ભગવાન ! મારી માના શરીરની છેલ્લી માંદગીના સમયે તેની પાસે હાજર રહેવાનું વચન મારી બાએ મારી પાસે માગ્યું હતું. તેણે બિચારીએ મારી કને બીજું કશું જ માગ્યું ન હતું. અને મારી પાસે તેને આપવા જેવું બીજું હતું પણ શું ? આટલું પણ ના કરી શકાય એવી લાચારી ભરેલી પરિસ્થિતિમાં પ્રભુ, મુકાઈ જવાનું બન્યું છે, તે હવે તો તું લાજ રાખે તો લાજ ટકી શકે.

**મારો હકદાવો નથી**

મારી મા આવે ટાણે મારી હાજરીને માટે જરૂર વલોપાત કરતી હશે. તેના મનમાં મારે માટે તો એટલો વિશ્વાસ જરૂર હશે કે 'ચુનિયો જરૂર આવશે.' અરેરે ! મારી માનો મારા પર જે વિશ્વાસ છે, તેનો પણ ભંગ થઈ જવાનો ! હે પ્રભુ ! આ તો કપરી કસોટી છે. આવી વેળા આ મારું વચન પળાવવાનું કામ તારા સિવાય બીજું કોઈ કરી શકે એમ નથી. હે મારા વહાલા પ્રભુ ! દીનાનાથ ! કૃપા કરજે. મારો તારી પાસે કોઈ હકદાવો નથી. તારી પાસે મારું કામ કરાવવા જેટલો તારી સાથે પ્રેમભક્તિનો નાતો પણ જીવતો થયો નથી. તારા જે અનેક સંતભક્તો થઈ ગયા છે, તેમની તો ચરણની રજનીયે રજ હું નથી. એટલે પછી કયા દાવાએ તારી પાસે હું માગણી કરું ? પરંતુ આ કટોકટીની અસહ્ય પરિસ્થિતિમાં તારા એકમાત્ર શરણા સિવાય મારો ગરીબનો કોઈ ઇલાજ નથી. હે ભગવાન ! હે બાપા ! તું કર્તાહર્તા છે. મારે આ બેડીમાં જકડાઈ રહેવાનું બન્યું છે, એટલે ત્યાં હું નડિયાદ ઊડીને જાઉં પણ કેવી રીતે ? મારું દિલ તો જરૂર મારી મા પાસે જ છે. તેની તો જરૂર મને આત્મભાવની સ્થિતિએ પ્રતીતિ છે, પરંતુ આ સ્થૂળ દેહને ત્યા કેવી રીતે હાજર કરવો ? મારા દિલનાં ટેક, નિશ્ચય, નિર્ણય અને દિલ તો મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવા માટેનાં જ છે. તેને આપેલું વચન મારાથી પાળી શકાય તેવી જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના પણ છે.

**ભાવનાને આકાર આપો**

સાધનાની જુદી જુદી ભૂમિકાઓમાં ભાવના પણ સાકાર થાય છે, તેવો અનુભવ પણ તારી કૃપાથી મને જરૂર થયો છે, તો મારી મા પાસે હાજર રહેવાની મારી આ પ્રચંડ ઉત્કટ ભાવના જે પૂરેપૂરી જીવતીજાગતી છે, તે ભાવના તારી કૃપાથી ત્યાં આકાર લે એવી મારી તને ઘણી ઘણી પ્રાર્થના છે. સાધનાકાળમાં સ્થૂળ માગણી માટે કોઈ દિવસ મેં તારી પ્રાર્થના કરી નથી. સાધનાનાં ક્ષેત્રમાં જે જે અડચણો, વિઘ્નો, મુશ્કેલીઓ નડતાં હતાં, તે બધાં

આવરણો દૂર કરવાને માટે જ મારાથી તનતોડ ભારેમાં ભારે પ્રયત્નો પણ તારી કૃપાથી બન્યે જતા હતા. તેવા પ્રયત્નો કરી કરીને તારી પાસે તે તે આવરણોને નિવારવાને માટે હું વારંવાર પ્રાર્થના કર્યા કરતો હતો અને તેવી પ્રાર્થના હે પ્રભુ ! તેં સાંભળ્યા કરેલી પણ છે અને મને કૃપા કરીને મદદ આપ્યા કરેલી છે. તારી કૃપાનું અહેશાન તો કોઈ કાળે પણ ભૂલી શકાય તેમ નથી. મારી આવી ત્રિશંકુની પરિસ્થિતિમાં તારા સિવાય મને કોઈ બીજો મદદગાર નથી. તારી કૃપાથી સંકલ્પશક્તિનું સામર્થ્ય એટલું બધું જબરજસ્ત હોય છે, તેનું મને જ્ઞાનભાન છે, પરંતુ તેવી મારી સંકલ્પ શક્તિનું સઘળું સામર્થ્ય તે એકમાત્ર તું જ છે. તારામાં જ હે પ્રભુ, બધું જ સમાયેલું છે. હવે તો તું જ મારી વહારે ચડે અને મારું વચન પળાવવાની ખાતર મારા દિલમાં પ્રચંડ અને મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવાની ઉગ્ર ભાવનાને તું જ એક સાકાર સ્વરૂપ આપી શકે તેમ છે. માટે, હે પ્રભુ, દીનદયાળ, મારા વહાલા ! મારા ગરીબની સામું જોજે. મારી લાજ રાખજે.

**માને ખાતર જ**

ત્યાં હાજર થઈને મારે પોતાને સંતોષ મેળવવો નથી. મારી સ્થૂળ હાજરીથી મારી માને સંતોષ થાય કે 'હા, ચૂનિયો આવ્યો અને તેણે વચન પાળ્યું', એટલું જ મારે જોઈએ છે. આવા તેના શરીરના અવસાન સમયની સ્થિતિમાં તેને મારે માટે આત્મસંતોષ પ્રગટે તે જ હેતુથી હે પ્રભુ ! હું તારી પાસે માગું છું. મારા દિલમાં પ્રગટેલી આ જાતની ભાવનાનો તલસાટ એટલો બધો તો પ્રચંડ અને ઉગ્ર હતો કે જે તલસાટની સાથે કદાચ ગોપીની વિરહભાવનાના તલસાટને સરખાવી શકાય. આ તલસાટથી સતત ભગવાનને પોકાર્યા જ કરતો. એ તલસાટની વેદનાને કારણે તેમાંથી એવો આર્તનાદ અને આર્દ્રભાવ પ્રગટતો કે ભગવાનને તે તલસાટના ભાવથી પ્રેરાઈ પ્રેરાઈને પ્રાર્થના થયે જતી.

**મરણની ખબર પડી ગઈ**

આ બધું અંતરમાં અંતરથી જ થયે જતું. આવી વિકટ પરિસ્થિતિમાં પ્રભુ સિવાય મારો બીજો કોઈ આરો હતો નહિ. મારા દિલની ભાવનાની સાથે હમદર્દી અને સહાનુભૂતિ બતાવી શકે એવું પણ કોઈ ન હતું. મારે કોઈના એવા આશ્વાસનની જરૂર પણ ન હતી. મારે તો હજાર હાથવાળો ધણી અને હજાર આંખવાળો સમર્થ, એ જ સાચું આશ્વાસન હતું. આવી રીતે અંતરની પ્રાર્થનામાં ત્રણેક દિવસો વીતી ગયા હશે. આવા આર્દ્રતા અને આર્તતાયુક્ત પ્રાર્થનાના તબક્કાના ગાળામાં એક પળે એવું થયું કે ઓચિંતો જ વીજળીનો દીવો જે સળગતો હતો, તે બંધ થઈ ગયો. તે પરથી મને તાત્કાલિક ઊગી આવ્યું કે મારી માના શરીરનું અવસાન થયું અને જીવ ગયો. ત્યારે મારાથી રડાયું કરાયું તો ન હતું, પરંતુ તેવા કાળે પણ એકમાત્ર ભગવાનની પ્રાર્થનામાં જ મારું દિલ તો રહ્યા કરેલું હતું. આમ, પ્રભુકૃપાથી માના દેહાંતના સમયની ખબર મને ત્યાં રહ્યે રહ્યે પડી ગઈ હતી.

પછી નડિયાદથી ભાઈ મૂળજીનો તાર આવ્યો કે મારી માનું શરીર અવસાન પામ્યું છે.

બનારસ, હરિઃૐ તા. ૧૯-૨-૧૯૪૧

**તલસાટભરી ભાવના**

દિલમાં કોઈ પણ પ્રકારનું ચેન પડતું ન હતું. એક જ પ્રકારની ભાવના - મારા સ્થૂળ દેહની હાજરી મારી માની પાસે તેની યોગ્ય વાસ્તવિકતામાં પ્રગટે એવી ભાવના જ - સતત એકધારી તેના ઉચ્ચમાં ઉચ્ચ ચેતનવંતા પ્રાણમાં અને તેના તલસાટમાં જીવતીજાગતી ટક્યા કરેલી રહેતી હતી. તે પ્રાર્થના વારંવાર ભગવાનને જ પોકાર્યા કરતો. 'હું અને મારો ભગવાન અને મારી તે ભાવના'-એના જ માત્ર અસ્તિત્વનું ભાન તે કાળે મારા દિલમાં રહેતું હતું. આવું બધું અંતરમાં અંતરથી ચાલ્યા કરતું હતું. તોપણ ભગવાન પરનો મારો ભરોસો એટલો જ અટળ અને અતૂટ હતો. ભગવાનની અનંત શક્તિ છે. અને તે

જ મારે માટે જે યોગ્ય હોય, તેમ તે કરવાનો છે. એવો પણ ભક્તિભર્યો આત્મવિશ્વાસ હતો. હું તો તેને વારંવાર વિનંતી કર્યા જ કરતો.

**સ્વાનુભવની પ્રતીતિ**

ભગવાને ગજેન્દ્રને મુક્તિ અપાવી, તે તો એક પૌરાણિક હકીકત હતી અથવા તો તેમ તે ના પણ બન્યું હોય. અને તે એક પ્રતીકરૂપે ઉદાહરણ માત્ર હોય, પરંતુ અનેક વેળાએ ભક્તની વહારે તે મારો વહાલો 'ગરુડે ચડીને આવ્યો' છે, તે હકીકત બીજા ભક્તલોકના ખરેખરા બનેલા જીવન પ્રસંગોમાં જાણેલી છે, તેમ છતાં તે ઉપરથી પણ નહિ, પરંતુ મને પોતાને મારા સાધનાકાળના જીવનમાં આંતરિક કટોકટીની પળે તે કેટલીયે વાર વહારે ધાયો છે, તેની તો મને પ્રત્યક્ષ અનુભવાત્મક સાચેસાચી પ્રતીતિ હતી. અને તેવા પ્રકારનો અનુભવ એ તો મારા જીવનની અમોઘ શક્તિ અને મૂડી છે. તેના આધાર વડે કરીને તો પ્રભુકૃપાથી કદી પણ નતમસ્તક બની શક્યો નથી. સાધનાકાળમાં પ્રગટેલા દૈવાસુર સંગ્રામમાં તેવા પ્રકારની અનુભવાત્મક પ્રતીતિને કારણે તો હું એની કૃપાથી ખુમારીથી ટટાર રહી શક્યો છું. જીવનની તે તે કાળની એવી કેટલીયે હકીકતો આજે નજર સમક્ષ તરવર્યા કરે છે, કે જ્યારે મારા ભગવાનને પોકાર્યા કરું છું કે 'હે પ્રભુ ! તેં આટલી બધી મને મદદ કરી છે, તો આ એક અણમોલો એવો પ્રસંગ છે, કે જ્યારે તું મારી વહારે ચડીને મારી ટેક રાખે, તો હું ધન્ય ધન્ય થઈ જાઉં, કૃતકૃત્ય થાઉં, પરંતુ હે વહાલા ! તારા પર મારાથી બળજબરી કેમ કરી શકાય ? હું તો માત્ર એક દીનહીન ભાવે તને કાલાવાલા કરું છું. તેના સિવાય બીજું કરી પણ શું શકું ? હે પ્રભુ ! હે દીનાનાથ ! હે કૃપાસિંધુ ! હે કરુણાસિંધુ ! તું જ એક મારી આવી કટોકટીની સ્થિતિમાં મારો સાચો આધાર છે. મારું વચન પળાવજે. મારા પર કૃપા કરજે.'

**માને દર્શન**

તે પછી નડિયાદથી મારા ભાઈ મૂળજીનો મારી પર કાગળ આવ્યો. તેમાં તેણે લખ્યું હતું કે 'મારી માના શરીરના અવસાન પામ્યાના થોડાક સમય પહેલાં બાએ મૂળજીને બૂમ પાડીને કહ્યું હતું કે 'અલ્યા ! મૂળિયા ! મૂળિયા ! જો આ ચૂનિયો આવ્યો !' ત્યારે મારા ભાઈ મૂળજીએ મારી બાને કહ્યું કે 'ચૂનીલાલ તો કાશીમાં છે. અહીં ક્યાંથી આવી શકે ?' ત્યારે વળતું મારી બા બોલી કે 'અરે, એ તો આ રહ્યો ! મારા પગમાં માથું મૂકીને બેઠો છે ! મારા શરીરે હાથ ફેરવે છે ! જો ! તે અહીં જ છે.' આવા પ્રકારના શબ્દો તે કાગળમાં વાંચ્યા. તે કાગળમાં જે લખેલું હતું, તેના ભાવાર્થ પ્રમાણે (શબ્દેશબ્દ તો નહિ પણ ભાવાર્થ પ્રમાણે) લખું છું, કારણ કે કાગળ આડોઅવળો છે અને તે અત્યારે મારી પાસે નથી. મારા ભાઈનો આ કાગળ વાંચીને ભગવાને મારો ટેક જાળવ્યો, મારી લાજ રાખી, વચન પળાવ્યું, તેનાથી મને જે હર્ષોન્માદ પ્રગટ્યો, તે આનંદ કોટિ બ્રહ્માંડના આનંદની તોલે આવી શકે એમ નથી. ભગવાન એટલો બધો સમર્થ છે અને તે સમર્થની મારે માથે જીવતીજાગતી જબરી ઓથ છે એવો આ પ્રત્યક્ષ જીવતોજાગતો પ્રચંડ અનુભવ એની કૃપાથી પ્રગટ્યો. ત્યારથી મારું જીવન તો ધન્ય ધન્ય અને કૃતકૃત્ય થઈ ગયેલું એની કૃપાથી અનુભવ્યા કરું છું. મારા જીવનની અનુભવની કક્ષાઓની દૃષ્ટિએ આ પ્રસંગનું મૂલ્યાંકન કંઈ નાનુંસૂનું નથી. તમારાં બધાં સ્વજનનાં દિલમાં આ બધું વાંચીને બહુ તો અહોભાવ પ્રગટે, પરંતુ એવું પ્રત્યક્ષ જીવંત અનુભવનું દૃષ્ટાંત વાંચીને પણ કોઈ પણ સ્વજનનું રુવાંટું વધારે ફરકવાનું નથી અને કોઈને પણ સાધનાનાં ક્ષેત્રમાં અદમ્ય પ્રેરણા પ્રગટીને 'ચાલો ! આ સાધનાને આત્મસાત્ કરી દઈએ' એવો ટેક પણ પ્રગટવાનો નથી. તેમ છતાં મારા દિલમાં આ પ્રસંગે ભગવાનની સમર્થતા અને તેની અનંત શક્તિને માટે અને તેણે મારે કાજે જે કર્યું છે તથા મારે માટે

જે પ્રત્યક્ષ કરી બતાવ્યું, જે બનવું જગતની વાસ્તવિકતાની દૃષ્ટિએ બની જ શકે નહિ તેવું છે, તે મારા વહાલા પ્રભુએ કૃપા કરીને પ્રગટાવ્યું, તેવો આ દ્વંદ્વાતીત, ગુણાતીત પ્રકારનો અનુભવ એ તો એક ઘણો મોટો બનાવ છે.

બનારસ, હરિઃૐ તા. ૨૦-૨-૧૯૪૧

**ભગવાનની જીવંત ધન્ય કળા**

બનારસમાં મારા પર મારા ભાઈનો આવેલો કાગળ ભાઈ નંદલાલની કને હજી પણ સચવાયેલો રહેલો છે, એમ હું માનું છું. આ કાગળ વાંચીને મારા વહાલા ભગવાનને ચરણકમળે વારંવાર મારું શિર તો પ્રેમભક્તિભાવે આભારનાં દર્શનથી ગદ્ગદ થઈ જઈને નમ્યે જ જતું હતું. આ પ્રકારની પ્રાર્થનાનો ભાવ અને તેની અસર એકધારી સજ્જડ કેટલાય સમય સુધી જીવતીજાગતી રહ્યા કરી હતી. જાણે કોઈ ભારે નશાના ઘેનમાં પડ્યો રહ્યો હોઉં એમ તે પ્રાર્થનાના ભાવમાં એની કૃપાથી જાગ્યા કરવાનું બન્યા જતું. કેવો આ ધન્ય પ્રસંગ અને કેવી આ મારા ભગવાનની જીવંત ધન્ય કળા !

**ઝંપલાવો તો તમે પણ અનુભવો**

આ પ્રસંગ તમને અને મળેલાં સ્વજનોને જે હેતુ, કાજે તેઓ મને મળ્યાં છે, તે હેતુમાં પ્રાણ પ્રગટાવવા અને તમને બધાંને જીવનમાં નવું ચેતન પ્રગટે એવા ઉદ્દેશથી લખ્યો છે. તેની યથાર્થતા કૃપા કરીને સમજજો. આ સાધનાના પ્રદેશમાં કેવી કેવી શક્યતાઓ છે, તેનું તમને સાચેસાચું ભાન પ્રગટે એવી તમારામાંના અંતર્યામીને મારી ભાવભરી પ્રાર્થના છે. મને તો મારા જીવનના આ એક જ પ્રસંગથી મારા જીવનની પૂરેપૂરી કૃતાર્થતા થઈ ગઈ હોય એવું લાગ્યા કરે છે. આ તો એક ઘણી મોટી હકીકત છે. જે કદી કોઈ પણ રીતે શક્ય ના બની શકે, તે શક્ય બન્યું. મારા દિલથી તો તે એક સંપૂર્ણ સ્વાભાવિક રીતે બની ગયેલી પ્રત્યક્ષ હકીકત છે.

**ફના થઈને જાતે જ અનુભવો**

આ જ હેતુથી પ્રેરાઈને 'તુજ ચરણે'માં લખ્યું છે કે :

**'જે જે અશક્ય થતું શક્ય, કૃપાથી જેની'**

તે માત્ર કલ્પના ન હતી. મારી માને પણ હું પોતે સ્થૂળ રીતે જ તેના સ્વાભાવિકપણામાં લાગ્યો હતો, તે પણ તેટલું જ સાચું છે. બીજા કોઈના માનવામાં આ હકીકત ના આવે તે પણ સ્વાભાવિક છે, પરંતુ તેને તેના યથાર્થ સ્વરૂપમાં કોઈ માને કે ના માને, તેની સાથે અમારા લોકને કશી નિસબત હોતી નથી. તેવા લોકોને મારે એટલું જ પ્રેમથી અને નમ્રતાથી કહેવાનું છે, કે 'એકવાર જીવનને હોડમાં મૂકીને તમારી હોડીના બધા સઢ તોડીફોડી નાખીને સાધનાનાં ક્ષેત્રના મધ્ય દરિયામાં યાહોમ કરીને ઝંપલાવી દો. અરે ! એવાં સાહસ, હિંમત તો પ્રગટાવો ! એવા ભાવે સંપૂર્ણ ન્યોછાવરી અને ફનાગીરીની તાકાત તો જીવનમાં પ્રગટાવો ! પછી એવી તાકાત, એવી ભાવનામાં કેટકેટલું સામર્થ્ય પ્રગટેલું છે, તે તમે જાતે અનુભવવાની સ્થિતિમાં પ્રગટી શકો, અને ત્યારે જ તમને બધી ખબર પડે. અત્યારે ખાલી ખાલી કોરી બુદ્ધિની સમજણ અને કલ્પનાથી કંઈ કશાને તોલવું અને સમજવું તે બધું જ અર્થ વગરનું છે, અને છેક વાહિયાત પણ છે. માટે, મારી તમને ખરેખરી પ્રાર્થના છે, કે તમે જે હેતુને માટે મળ્યા છો, તેનું મહત્ત્વ હજી પૂરેપૂરું દિલમાં દિલથી ગણકાર્યું નથી, તો હવે જાગો, ચેતો અને બેઠા થાઓ. ઊઠો અને કૃપા કરીને તેવું કરવાની દિશામાં પ્રવર્તવાને સાચેસાચી પ્રમાણિકતા, વફાદારી અને નિષ્ઠાનું ભાન પ્રગટાવો. મારી દૃષ્ટિએ તો આપણે બધાં જીવતાં હોવા છતાં મુદ્દલે જીવતાં નથી. એવું મને તો હાલના આપણાં બધાંનાં જીવન પરથી સમજવાનું લાગે છે. મારા જીવનનો આ એક ધન્ય પ્રસંગ પ્રભુકૃપાથી તમને સાધનાનાં ક્ષેત્રની ભાવના પ્રગટાવવાને મદદરૂપ બનો અને પ્રેરણાત્મક બનો એવી પ્રાર્થના છે.

*('જીવન દર્શન' ૧૧મી આ., પૃ. ૩૫૦ થી ૩૬૨)*

## ૧૦. જીવન સાર્થકતાનું પહેલું મોજું

- એક સ્વજન

(પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસ ગાથા ઉત્તરાર્ધ અને પૂર્વાર્ધ બે ભાગમાં તા. ૫-૭-૨૦૨૦ના રોજ હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા પ્રકાશિત થયેલ છે જેમાં ભાઈશ્રી નંદુભાઈ વિશે વિસ્તૃત વિગતો આપેલ છે. જેમાંથી આ લેખ લીધેલ છે. - માનદ્ મંત્રીશ્રી)

ઝંખના કે તમન્ના જો એકવાર લાગે છે તો તે બુઝાતી નથી ને ફરી ફરીને પણ તે માર્ગે જરૂર લાવે છે. ૧૯૨૮માં પેરીસમાં હતા ત્યારે બારડોલી સત્યાગ્રહ વિશે જાણીને ઝંખના જાગી કે દેશ માટે કંઈક કરવું ઘટે. દેશની પ્રજાને સારું જીવન આપવું જોઈએ. 'માનવદેહનો હેતુ શો છે ? માનવદેહની સાર્થકતા કઈ રીતે થાય ?' એવી ભાવના, તે ઝંખના ઉદ્‌ભવવાનું મૂળ હતું - પ્રેરકબળ હતું. જે જીવને માનવીજીવનનું મહત્ત્વ જાગે છે, તેને જ ઝંખના જાગી જાય છે.

પરદેશમાં તો વતનની માટીની ખુશબૂની પણ યાદ આવે છે. અને એવા સમયે કાળ પુરુષ મોહનલાલે (ગાંધીજી) તેના લાલ નંદલાલને પણ આકર્ષી લીધા હતા. પરદેશમાં પણ નંદલાલ પોતાના ભારત દેશને ભૂલ્યા ન હતા. એમનો દેશપ્રેમ દિલમાં જાગૃત હતો. એ સમયે ભારતની આઝાદીનો સંગ્રામ ચરમ સીમાએ પહોંચ્યો હતો. મહાત્મા ગાંધી, સાયમન કમિશનનો બહિષ્કાર અને પૂર્ણ સ્વરાજની માગણીનું એલાન કરવાના હતા. શ્રી નંદુભાઈ પેરીસમાં હતા ત્યારે વિચારતા કે 'આપણે ગુલામ પ્રદેશનાં છીએ. અંગ્રેજોની ગુલામી કરીએ છીએ. તો મારે પરણીને ધોળાઓને 'સર' કહે એવા ગુલામને જ પેદા કરવાનાને ? એટલે મારે આખી જિંદગી બ્રહ્મચારી રહેવું છે.'

શ્રી નંદુભાઈ ભારત દેશની સાંપ્રત પરિસ્થિતિથી વાકેફ હતા. તેઓ પરદેશ ગયા, પશ્ચિમી વાતાવરણમાં રહી આવ્યા અને ધનાઢ્ય થયા, છતાં મહાત્મા ગાંધીની વિચારસરણીથી પ્રભાવિત થયા હતા. તેઓ મહાત્મા ગાંધીજીને ગુરુ માનતા થયા હતા અને તેમને અનુસરવાનો પ્રયત્ન કરતા હતા. પૂજ્ય ગાંધીજીની પ્રેરણાથી સાદગી અને કરકસરયુક્ત દિનચર્યા, ગરીબો માટેનું જીવન એ એમનો આદર્શ હતો. એમનામાં હવે પૂજ્ય ગાંધીજીની પ્રેરણાથી જનકલ્યાણની ભાવના પ્રજ્વલિત થવા લાગી હતી.

**૧૯૨૯માં સ્વદેશાગમન અને ગાંધીમાર્ગે પ્રયાણ**

શ્રી નંદુભાઈ ૧૯૨૯, જાન્યુઆરીની પહેલી કે બીજી તારીખે મુંબઈ પ્લેનમાંથી ઊતરી સીધા અમદાવાદ પૂ. જેઠીબા પાસે ગયા અને ત્યાંથી કપડાં પણ બદલ્યાં વિના મરણપથારીએ પડેલાં પૂ. સરસ્વતી મામીને પિયર મળવા જઈ પહોંચ્યા. તેમને કપાળે હાથ મૂકી તબિયતના ખબરઅંતર પૂછ્યા. આમ, પેરીસમાં બનેલા લીન્ડબર્ગના ('આશ્રમની અટારીએથી', પૃ. ૨૧, પ્રકરણ-૪, આ. ૪) બનાવ પછી શ્રી નંદુભાઈ એટલું શીખ્યા હતા કે મળવા કરવાનું કાર્ય ઝડપથી બને તેટલી ઉતાવળે અને પ્રથમ આટોપી લેવું.

ભારત દેશ પાછા ફર્યા ત્યારે મુંબઈમાં એમને કહેવામાં આવ્યું કે 'તમારાં બાએ તમારા માટે એક ઓળખીતાની દીકરી જોઈ રાખેલી છે.' જેઠીબાએ એ દીકરીના પિતાને વાયદો આપ્યો હતો કે મારો પુત્ર મારું કહ્યું કરશે. આ સાંભળીને શ્રી નંદુભાઈ બોલ્યા, 'I will honour her words.'

ત્યાર પછી તો વિવાહ થયો, વિવાહ તોડવાનો પ્રયત્ન કરી જોયો પરંતુ ના ફાવ્યા, પછી વેપારમાં પડ્યા, પરણતાં પહેલાં ૧૯૩૦માં દાંડીકૂચમાં જોડાયા. દાંડીકૂચ પછી વેપારમાંથી ખસવા ને દેશસેવામાં ઝુકાવવા પાછું એક મોજું આવ્યું. છતાં તેમને પરણવું પડ્યું અને તેમનું મન અસ્વસ્થ રહેવા લાગ્યું.

શ્રી નંદુભાઈ પેરીસમાં હતા ત્યારે અને ૧૯૨૯માં પેરીસથી મુંબઈ ઊતર્યા ત્યારે પણ ગાંધીજીના આશ્રમમાં જોડાવાની ઇચ્છા હતી અને ચળવળમાં જોડાવાની ધારણા હતી. ભાવિએ શ્રી નંદુભાઈને હીરાના વેપારમાં ધકેલ્યા ત્યારે ૧૯૨૯ના ફેબ્રુઆરી

કે માર્ચમાં ટ્રેનમાં મદ્રાસ જતાં આંખમાં આંસુ આવ્યાં હતાં. ત્યાર બાદ ૧૯૩૦માં મામાને રાજીનામું આપ્યું, પરંતુ મામાએ સ્વીકાર્યું નહિ. વળી, ૧૯૩૧ના આખરમાં પણ ઑફિસિયલી ભાગીદારીમાંથી છૂટા થયાનું લખી આપી શ્રી નંદુભાઈ અને કાંતાબહેન અમદાવાદ ચળવળમાં ભાગ લેવા પહોંચી ગયાં હતાં. એમ ઊથલા ખવાયા છતાં વેપારમાં ટકવું પડ્યું.

ગોપાલમામાના દીકરા હસમુખભાઈ - લાલાજીનાં માતુશ્રી જુલાઈ, ૧૯૨૯માં દેવલોક પામ્યાં હતાં. તેમને શ્રી નંદુભાઈ પ્રતિ ઘણું વહાલ હતું.

**પહેલા ગુરુ ગાંધીજી અને લગ્ન**

પૂ. જેઠીબાએ એમના નંદુ માટે અમદાવાદમાં હરકીશનદાસની પોળમાં આવેલ માતાવાળા ખાંચામાં રહેતા શ્રી ચીમનભાઈ ન્યાયાની સુપુત્રી ચંદ્રકાંતાને જોઈ રાખી હતી. જ્ઞાતિએ શ્રી ચીમનભાઈ ન્યાયા દશાનાગર વણિક હતા. તેઓ રેલવેમાં સ્ટેશન માસ્તરની નોકરી કરતા હતા. તેમને બે દીકરા અને બે દીકરીઓ હતાં - ડૉ. કાંતિભાઈ, શ્રી જયંતીભાઈ, ચંદ્રકાંતા અને સહનતારાબહેન.

ચંદ્રકાંતાનો જન્મ ૧૯૧૪ કે ૧૯૧૫માં કાઠિયાવાડમાં થયો હતો. ચંદ્રકાંતા, શ્રી નંદુભાઈ કરતાં ૧૦ વર્ષ નાનાં હતાં. ચંદ્રકાંતા આશરે ૫ કે ૬ ધોરણ સુધી ભણેલાં હતાં. દેખાવે ચંદ્રકાંતા નીચા અને ઘઉંવર્ણા હતાં. ચંદ્રકાંતાને ઘરમાં સૌ કાંતાના ટૂંકા નામે બોલાવતાં હતાં. એટલે પછી એ નામથી જ સૌ ઓળખતાં આવ્યાં છે.

શ્રી નંદુભાઈ લગ્ન પહેલાં ભાવિ સસરાને મળવા ગયા હતા. તેમની સમક્ષ બેત્રણ શરતો મૂકી. તેમણે પોતાના સિદ્ધાંતોની રજૂઆત કરતાં કહ્યું, **'હું, મહાત્મા ગાંધીજીને માનું છું. ગાધીજી મારા ગુરુ છે.** આપણા દેશ અને સમાજને અત્યારે ગાંધીજીની રાહે ચાલવાની જરૂર છે. આપણો દેશ ગરીબ છે અને આપણને લગ્ન કે બીજાં રીતરિવાજોમાં ખોટા ખર્ચા પોસાય નહિ. હું સાદાઈમાં માનું છું. હું પરણવા આવીશ તો જાન લઈને નહિ આવું અને ઘોડા ઉપર નહિ આવું, પરંતુ ચાલતો જ આવીશ. લગ્નમાં દારૂખાનું ફોડશો નહિ અને બૅન્ડવાજાં પણ વગાડશો નહિ. આ મારી નમ્ર વિનંતી છે. હુ ખાદીનો ઝભ્ભો અને ધોતિયું પહેરીને આવીશ. કાંતાને પાનેતર પણ ખાદીનું પહેરાવશો એવી મારી ખાસ ઈચ્છા છે. લગ્નની વિધિ ઓછામાં ઓછા ખર્ચે પતાવશો. પૂજ્ય બાપુએ કહ્યું છે તેમ અમુક સંખ્યાથી વધારે માણસોને જમણવારમાં બોલાવવાના નહિ. શ્રી નંદુભાઈએ છેલ્લે પોતાનો દઢ નિશ્ચય રજૂ કર્યો કે 'લગ્ન પતે એટલે હું મારે કામે ચાલ્યો જઈશ. મારે મારી પેઢી જમાવવાની છે. ત્રણ વર્ષ પેઢીનું કામ કર્યા પછી કાંતાને તેડવા આવીશ.' આમ, પોતાનાં માતુશ્રીનાં વચન અને પોતાના વિચારોનો તેમણે સમન્વય કર્યો.

**લગ્ન**

શ્રી નંદુભાઈનાં લગ્ન કાંતાબહેન સાથે **તા. ૧૭-૫-૧૯૩૦ના** રોજ થયાં હતાં. લગ્ન સમયે કાંતાબહેનની ઉંમર આશરે ૧૬ વર્ષની હતી. લગ્ન પછી શ્રી નંદુભાઈએ તેમને અંગ્રેજી ત્રીજી ચોથી એબીસીડીમાં સહી કરતા શીખવ્યું હતું. શ્રી નંદુભાઈની શરત મુજબ લગ્ન પછી ત્રણ વર્ષે કાંતાબહેન ત્રિચિ આવ્યાં. શ્રી નંદુભાઈ એ સમયે મહાત્મા ગાંધીજીના પ્રભાવ હેઠળ હતા. ગાંધીજીના બ્રહ્મચર્યના ખ્યાલો, 'હરિજનબંધુ' અને 'નવજીવન'માં છપાતાં. શ્રી નંદુભાઈ પણ ગાંધીજીનાં લખાણોને તે બાબતે અનુસરતા હતા. કાંતાબહેને શ્રી નંદુભાઈને બ્રહ્મચર્ય પાળવામાં ઘણો સાથ આપ્યો હતો. લગ્નજીવનનાં પ્રથમ ત્રણ વર્ષ પછી વચગાળે ઐચ્છિક બ્રહ્મચર્ય પાળતાં હતાં. ગાંધીજીની સૂચના અનુસાર માસિક એક વખત જ સ્થૂળ સંબંધ બાંધવાનો નિયમ તેઓ બન્ને પાળતાં અને **૧૯૩૯ પછી પૂર્ણ સ્થૂળ બ્રહ્મચર્ય પાળવા લાગ્યાં હતાં.** આશ્રમજીવનને શોભે તેમ નવા થયેલ આશ્રમમાં (કુંભકોણમ્) ૧૯૫૧ પછી પતિપત્નીના સંબંધોમાંથી મુક્ત થઈ ભાઈબહેનના સંબંધે જીવવાનું ઈષ્ટ ગણ્યું હતું.

લગ્ન પછી ૧૯૩૩માં શ્રી નંદુભાઈએ પોતાની ૨૯ વર્ષની ઉંમરે અને કાંતાબહેનની ૧૯ વર્ષની ઉંમરે ઘણા પ્રવાસો કર્યા. ભારતમાં બધે. ઉપરાંત, જાપાન, ચીન, સિંગાપોર, બર્મા જેવા દેશોમાં પણ ફર્યા.

*('જીવન સાર્થકતાની કેડીએ (પૂર્વાર્ધ)' પ્ર.આ., પૃ. ૨૭ થી ૩૧)*

**મુસાફરી છે કરવાની મોટી ને હામ મારી નથી ચાલવાની,**
**આ જીવનું નાથ ! પછી થશે શું ? જો આપશો ના બળ ચાલવાનું. ૬૧**

**મારે મોટી મુસાફરી કરવાની છે ને [તે માટે] ચાલવાની મારી હામ નથી; [હે].નાથ ! જો [તમે] ચાલવાનું બળ ના આપશો [તો] પછી આ જીવનું શું થશે ?**

**મને તમારી પ્રભુ ! હાજરીની સદા હજો અંતરમાં પ્રતીતિ;**
**શ્રદ્ધા અને નિર્ભયતાનું ભાથું જેથી ભરી આગળ માર્ગ કાપું. ૬૨**

**[હે].પ્રભુ ! તમારી હાજરીની મને અંતરમાં સદા પ્રતીતિ હજો, જેથી શ્રદ્ધા અને નિર્ભયતાનું ભાથું ભરીને[હું] આગળ માર્ગ કાપું.**

૬૧મા શ્લોકમાં ભટ્ટ સાહેબ લખે છે : ‘‘મુસાફરી છે કરવાની મોટી ને હામ મારી નથી ચાલવાની.’’ અહીં તેઓ આત્મતત્ત્વ તરફની યાત્રાની વાત કરતા હોય તેમ જણાય છે. ભટ્ટ સાહેબે પોતે જ તેમના સ્વરચિત ‘અનુપમ ઈશાવાસ્ય વિમર્શ’ ગ્રંથમાં આની વિસ્તૃત ચર્ચા કરી છે. તેમાં તેઓ લખે છે કે આત્મતત્ત્વ દૂર છે તેમ જ સમીપ છે. આત્મા સર્વનું સાચું સ્વરૂપ છે છતાં જેને તેનો સાક્ષાત્કાર થયો નથી તેનાથી તે દૂર છે. જેણે આત્માનો અપરોક્ષ અનુભવ કર્યો છે તેને તે અત્યંત સમીપ હોય તેમ જણાય છે. જેમ કોઈ વ્યક્તિ સોનાની ખાણ ઉપર ઊભી હોય છતાં તેને તેની ખબર ન હોવાથી તેને માટે તે ખાણ દૂર જ છે. તેમ જેને આત્મસ્વરૂપનું અજ્ઞાન છે તેને માટે તે તત્ત્વ દૂર જ છે.’’ ભટ્ટ સાહેબ મુંડકોપનિષદને ટાંકીને લખે છે : ‘‘તે આત્મતત્ત્વ દૂરથી પણ સુદૂર છે અને અહીં સમીપ છે. અહીં જ ચેતનવાળા પુરુષોમાં બુદ્ધિરૂપી ગુફામાં તે રહેલું છે.’’

શ્રી રમણ મહર્ષિ કહે છે : ‘‘મન જ્યારે બહિર્મુખ થાય છે ત્યારે તે વસ્તુઓ અને વિષયોમાં પરિણમે છે અને જ્યારે અંતર્મુખ થાય છે ત્યારે તે આત્મામાં પરિણમે છે.’’ શ્રી રમણ મહર્ષિના અનન્ય ભક્ત અને ‘રમણગીતા’ના રચયિતા શ્રી કાવ્યકંઠ ગણપતિ મુનિએ એકવાર મહર્ષિને કહ્યું : ‘‘માણસ આગળ જતી વખતે ગમે તેટલી ઝડપ મારી અંતર કાપી નાખે છે પરંતુ પાછા વળવામાં એટલે કે અંદર તરફ વળવામાં એક ડગલું ભરવું પણ મુશ્કેલ લાગે છે.’’ આ વાતના સંદર્ભમાં મહર્ષિએ કહ્યું હતું : ‘‘કોઈ ગમે તેટલો દૂર જાય પણ ત્યાં પોતે જ હોય છે. પાછા ક્યાં જવાનું છે ? ઈશોપનિષદના મંત્રમાં આ જ કહેવાયું છે.’’

પૂ. વિમલાબહેન ઠકાર કહે છે : ‘‘ઉપનિષદમાં ગુરુ ખૂબ જ કુનેહપૂર્વક અને અત્યંત કાવ્યાત્મક રીતે પોતાના શિષ્યને એની અંદરના આત્મતત્ત્વને અનુભવવા, અંતર્મુખ બનવા સમજાવે છે. આત્મતત્ત્વ, પરબ્રહ્મ, ઈશ્વર સ્વયં અસીમતા અને સમયની અનંતતા છે.’’ આને સમજાવવા માટે પૂ. વિમલાબહેન ઉપનિષદ્નો એક કથાપ્રસંગ પૌરાણિક કથાની ભાષામાં કહે છે : ‘‘એકવાર શિવ-પાર્વતીએ, ગણેશ અને કાર્તિકેયને કહ્યું કે જે બ્રહ્માંડની પ્રદક્ષિણા કરીને પહેલો પાછો આવશે એને ઈનામ મળશે. દૂબળો-પાતળો કાર્તિકેય બ્રહ્માંડની પ્રદક્ષિણા કરવા માટે દોડવા માંડ્યો પણ ભારેખમ, ગોળમટોળ શરીરવાળા ગણેશજીએ દોડવાને બદલે પોતાની જ પ્રદક્ષિણા કરી અને કહ્યું : ‘મેં બ્રહ્માંડની પ્રદક્ષિણા કરી લીધી.’ શિવ-પાર્વતીએ એમની પ્રદક્ષિણા સ્વીકારી લીધી. પોતાની પ્રદક્ષિણા કરવી તે બ્રહ્માંડની પ્રદક્ષિણા કરવા બરાબર છે.’’

શ્રી રમણ મહર્ષિ મંદિરની પ્રદક્ષિણા અને દેવદર્શનની શાસ્ત્રીયતાને સમજાવતાં કહે છે : ''મંદિરની ચારે તરફ પ્રદક્ષિણાનો હેતુ પ્રદક્ષિણા આખરે આત્મપ્રદક્ષિણા - પોતાની ચોતરફ ફરવાની ક્રિયામાં પરિણમે એ બહુ જ મહત્ત્વનું છે. એ જ રીતે મંદિરમાં મૂર્તિને - ઈષ્ટદેવને પ્રણામ કરતી વખતે આપણે આંખો બંધ કરીએ છીએ. જો આપણે મૂર્તિને પ્રણામ કરતાં હોઈએ તો આંખો શા માટે બંધ કરવી જોઈએ ? હકીકતમાં આપણે આપણી અંદર રહેલી કોઈ વસ્તુને પ્રણામ કરતાં હોઈએ છીએ, આપણી સમક્ષ બહાર રહેલી મૂર્તિને નહિ. આમ અજાણતાં આપણે સાચા આત્માની પૂજા કરતાં હોઈએ છીએ.''

ભટ્ટ સાહેબ ગુરુદેવને પ્રાર્થના કરે છે કે ગુરુદેવ તેમને ચાલવાનું - આત્માને પામવાનું બળ આપે. ગુરુદેવની એમના હૃદયમાં સતત હાજરી અનુભવાય. આથી જ શૌનક ઋષિને ટાંકતા ભટ્ટ સાહેબ લખે છે : ''વિષયોમાં આસક્ત થયેલા જે પુરુષો ગોવિંદ પ્રત્યે પરાઙ્મુખ છે તેમને માટે પરમતત્ત્વ દૂર કરતાં પણ સુદૂર છે. વિષયોનો ત્યાગ કરીને જેમણે ગોવિંદમાં ચિત્ત જોડ્યું છે તેમને માટે તે તત્ત્વ સમીપ છે.'' ડિવાઈન મધર કહે છે : ''જેઓ પોતાની ચેતનાને વિશ્વ જેટલી વિશાળ કરી શકે છે તેઓ વિરાટરૂપ થાય છે. પરંતુ જેઓ પોતાના નાનકડા શરીરમાં અને મર્યાદિત લાગણીઓમાં પુરાયેલા રહે છે તેઓ ત્યાં જ અટકી જાય છે; એમનો દેહ અને એમની ક્ષુદ્ર લાગણીઓ જ એમને માટે પોતાનું આખું સ્વરૂપ બની જાય છે.'' પૂ. વિમલાબહેન શ્રદ્ધા, અભય અને પ્રેમને મંગલમય આંતરયાત્રા માટેના ત્રણ રત્નો તરીકે વર્ણવે છે. આત્મતત્ત્વ તરફ પાછા ફરવા માટે ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધા અને અભય અનિવાર્ય છે. શ્રદ્ધાથી સમર્પણનો ભાવ આવે છે અને અભયથી અદ્વૈતનો ભાવ સર્જાય છે.''

*(ક્રમશઃ)*

## ગયેલા આત્માને...

૧. અમદાવાદ નિવાસી ભાનુભાઈ સી. નાયકના નાનાભાઈ શ્રી લાભશંકરભાઈનું તા. ૨૭-૮-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.

૨. અમદાવાદ નિવાસી શ્રી યોગેશભાઈ પી. આશરાનું તા. ૨૭-૮-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.

૩. અમદાવાદ નિવાસી શર્મિષ્ઠાબેન નટવરલાલ સુંદરાવાળાનું તા. ૪-૮-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.

૪. પૂજ્ય શ્રીમોટાની નજીકના સ્વજન સાહિત્ય મુદ્રણાલયના સ્વ. શ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યાના દીકરી તેમજ શ્રેયસભાઈ તથા યજ્ઞેશભાઈના બહેન અ.સૌ. હિમાદ્રીબેન જયેશભાઈ ભટ્ટનો તા. ૧૫-૯-૨૦૨૦ના રોજ દેહાંત થયેલ છે.

૫. નડિયાદ નિવાસી શ્રી ગિરધરભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિના માતુશ્રી પુરીબેન ડાહ્યાભાઈ પ્રજાપતિનું ૧૦૭ વર્ષે તા. ૨૦-૯-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.

૬. અમદાવાદ નિવાસી મનિષભાઈ રતિલાલ શાહના માતુશ્રી શારદાબેન રતિલાલ શાહનું તા. ૭-૧૦-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.

૭. વિદ્યાનગર નિવાસી ચંદનબેન બી. પટેલના બનેવી સુભાષભાઈ આર. પટેલનું તા. ૧૦-૧૦-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.

**પૂ. શ્રીમોટા સર્વે ગતાત્માને મન, હૃદયથી શાંતિ અર્પે તેવી હૃદયથી પ્રાર્થના.**

(મુખપૃષ્ઠ ૦૨ પરથી ચાલુ)

દૂરંદેશીપણું યોગ્ય, દીર્ઘદષ્ટિ શી ભવ્ય છે !
ચકોરતા શી તેવી જ ! દાક્ષિણ્ય પણ તેવું છે !
જે જે ગુણની જ્યાં સ્હાય ત્યારે પ્રત્યક્ષ તે ગુણ,
ચેતનાનિષ્ઠ શો યોગ્ય જેમાં તેમાં નિપુણ છે. ૨૯-૩૦

નિષ્પરિગ્રહ, ને શાંતિ ને સમદષ્ટિ, દક્ષતા
-ને પરાયણતા પૂર્ણ, જેનામાં નિરપેક્ષતા,
છે નિર્મમત્વ, નિષ્કામ, દ્વંદ્વ ગુણ અતીતતા,
-નિરહંકારી જે એવો ચેતનાનિષ્ઠ જાણ ત્યાં. ૩૧-૩૨

અદ્દલ ન્યાયની સાથે કરુણા શી ભળેલી છે !
વિકાસ તેથી તો થાય જેનો તેનો અપાર જે,
દોષ, કુકર્મ ને પાપ બેસે જોવા કદી ન **તે**,
ધર્મ એવો કરુણાનો સદ્‌ગુરુમાં વસેલ છે. ૩૩-૩૪

થતું જે તે કંઈ જેમ, તેમ તેને થવા જ દે,
ડહાપણ ડહોળે છે, પોતાનું આગવું ન **તે**,
વચ્ચે ક્યાંયે પડે ના **તે** પોતે તટસ્થ શો રહે !
નિશ્ચિત તે છતાં પૂરું ઠેકાણું **એનું** કૈં ન છે. ૩૫-૩૬

જ્યારે ભાવ પ્રકાશે છે, અપરંપાર અંતરે,
ત્યારે પ્રકાશ પાડે **તે** આધાર કરણો વિશે,
ભાવથી આપમેળે તો શી હૈયાસૂઝ પાંગરે !
ને હૈયાસૂઝથી એવી જ્ઞાન અંતરમાં સ્ફુરે. ૩૭-૩૮

આગળપાછળે કોઈ કશો સંબંધ હોય ના,
આપો આપ સ્ફુરે ત્યારે સંકલ્પ કર્મનો તદા,
પરંપરા વિચારોની ત્યારે તેમાં ન હોય છે,
શી હૈયાસૂઝ મેળે તો કર્મની ઊગી જાય છે ! ૩૯-૪૦

પર્વત કરતાંયે શી **એની** મકક્મતા ચઢે !
ચળાવી ના શકે કોઈ **એવાને** કોઈ રીતિએ,
**એનું** આસન ડોલાવી શકે ના કોઈયે જરા,
**એ** તો નિશ્ચિત સંપૂર્ણ લીધેલા નિર્ણયે સદા. ૪૧-૪૨

જ્ઞાની પકવવાનો છે, હક્ક ના કોઈ જ્ઞાતિનો,
બધીમાંથી જ પાકે છે, એવા ચેતેલ હોય જે,
જ્ઞાની ભક્તતણો છોછ કોઈને કૈં નડે ન છે,
પ્રસિદ્ધ કૈંક તો એવા જ્ઞાની ભક્ત થયેલ છે. ૪૩-૪૪

*('શ્રીસદ્‌ગુરુ' ત્રીજી આ., પૃ. ૨૦ થી ૨૪)*

## હરિઃૐ આશ્રમ, નડિયાદ વર્ષ-૨૦૨૧ ઉત્સવની યાદી

| | |
|---|---|
| **તા. ૧૬-૨-૨૦૨૧**<br>મંગળવાર | વસંતપંચમી (પૂજ્ય શ્રીમોટા જ્ઞાનદિન)<br>સ્થળ : હરિઃૐ આશ્રમ, નડિયાદ |
| **તા. ૨૧-૪-૨૦૨૧**<br>બુધવાર | રામનવમી (પૂજ્ય શ્રીમોટાનો નિર્ગુણ સાક્ષાત્કાર દિન)<br>હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા વધુ વિગતો પ્રકાશિત કરવામાં આવશે. |
| **તા. ૨૪-૭-૨૦૨૧**<br>શનિવાર | ગુરુપૂર્ણિમા<br>સ્થળ : હરિઃૐ આશ્રમ, નડિયાદ |
| **તા. ૨૬-૯-૨૦૨૧**<br>રવિવાર | પૂજ્ય શ્રીમોટાનો ૧૨૪મો અવતરણ દિન (ભાદરવા વદ ચોથ, તા. ૨૪-૯-૨૦૨૧, શુક્રવાર)<br>વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે. |
| **તા. ૧૫-૧૦-૨૦૨૧**<br>શુક્રવાર | વિજયાદશમી (ધજા આરોહણનો દિવસ)<br>સ્થળ : હરિઃૐ આશ્રમ, નડિયાદ |
| **તા. ૪-૧૧-૨૦૨૧**<br>ગુરુવાર | ચોપડાપૂજન (શારદાપૂજન) દિવાળી |
| **તા. ૫-૧૧-૨૦૨૧**<br>શુક્રવાર | નૂતનવર્ષાભિનંદન (બેસતું વર્ષ) |



પૂજ્ય શ્રીમોટાના ગુરુ મહારાજ અને તેમને મળેલ સંત-મહાત્માઓ


**(BOOK-POST - Printed Matter)**

Printed and Published by **RAJENDRA BACHUBHAI RAVAL** on behalf of **HARI OM ASHRAM** and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabd-380022 and published from Hariom Ashram, Bank of River Shedhi, Old Billodara, Nadiad Kapadvanj Road, NADIAD-387 001 (Dist. Kheda)
Editor **RAJENDRA BACHUBHAI RAVAL**

The postal Regn. No. G-KDA-119/2019-21 valid upto 31-12-2021, posted from Nadiad Head post office on 5th date of every Two Month. Issued by the SSPO's Kheda division, Nadiad
**RNI No. GUJGUJ/2018/76364**